dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 197 | AD - 2024, Chaitra sud - 13 | Sunday, Dt.21-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## કોંગ્રેસે આપેલા દરેક ઘાની સારવાર કરવાની આ મોદીની ગેરંટી છે : વડાપ્રધાન

# વાયનાડમાંથી પણ રાહુલ ગાંધીને હાર મળશે : વડા પ્રધાન નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બપોરે મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી રેલી યોજી હતી જ્યાં તેમણે પ્રથમ તબક્કામાં મતદાન કરનારાઓનો આભાર માન્યો હતો. તેમણે ફરી કોંગ્રેસ અને ઈન્ડીયા ગઠબંધન પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું- ઈન્ડી ગઠબંધનને ઉમેદવાર નથી મળી રહ્યા. રાહુલને વાયનાડમાં સંકટ દેખાય છે. જેમ તેઓ અમેઠીમાંથી ભાગી ગયા, તેમ વાયનાડમાંથી પણ ભાગવું પડશે.

વડાપ્રધાને કહ્યું કે ૪ જૂન પછી ઈન્ડીયા ગઠબંધન એકબીજાના કપડા ફાડશે. હું મતદારોને કહું છું કે તેઓ તેમના મનની વાત અનુસાર એનડીએને મત આપે. ગરીબો, દલિતો, વંચિતો, મજૂરો અને ખેડૂતોના વિકાસ સામે કોંગ્રેસ હંમેશા દિવાલ બનીને ઉભી રહી છે. આજે પણ એનડીએ સરકાર ગરીબો માટે કોઈ કામ કરે છે તો કોંગ્રેસ તેની મજાક ઉડાવે છે. આઝાદીના ૬ દાયકા પછી પહેલીવાર અમે કરોડો ગરીબ મહિલાઓને શૌચાલય આપવાનું અભિયાન શરૂ કર્યું. તે સમયે કોંગ્રેસ અને ઈન્ડી આઘાડીના લોકો તેમની મજાક ઉડાવતા હતા.

નાંદેડમાં ઈન્ડી ગઠબંધન અંગે પીએમે એમ પણ કહ્યું કે શું તેઓ ક્યારેય તમારી સમસ્યાઓ હલ કરી શકશે? કોંગ્રેસે દાયકાઓ થી મહારાષ્ટ્ર અને વિદર્ભ-મરાઠવાડની આસપાસ ગૂંગળામણનું કામ કર્યું છે. આ વિસ્તારમાં દુષ્કાળની સ્થિતિ અને પાણીની કટોકટી એક દિવસમાં ઊભી થઈ નથી. કોંગ્રેસના વલણને કારણે ખેડૂતો નબળા બન્યા. લાખો યુવાનોએ સ્થળાંતર કરવું પડ્યું છે.

હવે ૮૦ ટકાથી વધુ ઘરોમાં નળનું પાણી મળવા લાગ્યું છે. અપર ગંગા પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. ખેડૂતોને પાક વીમા હેઠળ પ્રીમિયમ કરતાં ૫ ગણો વધુ ક્લેમ મળ્યો છે. નાંદેડના ખેડૂતોને કિસાન સન્માન નિધિમાંથી ૧૩૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ મળી છે. અમારી સરકારે બરછટ અનાજને માન્યતા આપી, જેને શ્રી અન્ન કહેવાય છે. આનું અહીં પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન થાય છે. આખી દુનિયામાં તેને સુપરફૂડ કહેવામાં આવે છે.



મોદીની ગેરંટી કોંગ્રેસે લગાવેલા ઘા મટાડવાની છે મોદીએ કહ્યું- કોંગ્રેસે આપેલા દરેક ઘાની સારવાર કરવાની આ મોદીની ગેરંટી છે. આ વિસ્તારમાં શક્તિપીઠ એક્સપ્રેસ વે અને સમૃદ્ધિ મહામાર્ગ જેવા વિશ્વ કક્ષાના રસ્તાઓ મળ્યા છે. UDAN યોજના હેઠળ નાંદેડ એરપોર્ટ ફરી શરૂ કરવામાં આવ્યું. પીએમ આવાસ હેઠળ હજારો ગરીબોને પાકા ઘર મળ્યા છે.

આ તો માત્ર ટ્રેલર છે. અત્યારે તો અમારો ઘણો સમય કોંગ્રેસના ખાડાઓ ભરવામાં વીતી ગયો છે. આગામી ૫ વર્ષમાં આપણે મરાઠાવાડ અને મહારાષ્ટ્રને ઘણું આગળ લઈ જવાનું છે. નાંદેડની આ ભૂમિ શીખ ગુરુઓના ચરણોથી પવિત્ર થઈ હતી. ગુરુ ગોવિંદજીના ઉપદેશો હંમેશા અમારી સરકાર માટે પ્રેરણારૂપ રહ્યા છે.પીએમ મોદીએ કહ્યું- અમારી સરકારને ગુરુ નાનક દેવની ૫૦૦મી જન્મજયંતિ ઉજવવાનું સૌભાગ્ય મળ્યું. કરતારપુર કોરિડોર પૂર્ણ થયા બાદ લાખો શ્રદ્ધાળુઓને મદદ મળી રહી છે. લંગરને ટેક્સ ફ્રી કરવામાં આવ્યું છે. અફઘાનિસ્તાનમાં કટોકટી વખતે જ્યારે નિર્દોષોની હત્યા કરવામાં આવી હતી અને ધાર્મિક સ્થળો પર હુમલા થયા પછી અમે ગુરુ ગ્રંથ સાહિબના પવિત્ર સ્વરૂપને સંપૂર્ણ ગૌરવ સાથે ભારતમાં લાવ્યા હતા.

### મરાઠવાડા ભારતનું સુરક્ષા કવચ : મોદી

મરાઠવાડા કોઈ પ્રદેશ નથી, તે ભારતનું સુરક્ષા કવચ છે. મુઘલો આવ્યા, અંગ્રેજો આવ્યા, પરંતુ મરાઠાની બહાદુરીએ સાબિત કરી દીધું કે ભારત કાયમ ટકી રહેવાનું છે. વિકસિત મરાઠવાડા માટે આપણે સૌથી આગળ ઊભા રહેવું પડશે. આ જગ્યાના વિકાસ માટે મારે ભાજપના ઉમેદવારોને વિક્રમી મતોથી જીતાડીને મજબૂત કરવાના છે. તમારે કામ કરવું પડશે? તમારા બૂથના તમામ જૂના મતદાન રેકોર્ડ તોડી નાખવા જોઈએ. બને તેટલું વધુમાં વધુ મતદાન કરવાનું છે. બીજું- આપણે મતદાન મથક જીતવું છે. બીજુ એક કામ કરવાનું છે. મહારાષ્ટ્રના દરેક ઘર સુધી મોદીની શુભેચ્છાઓ પહોંચાડવાની છે.






# મનીષ સિસોદિયાની જામીન અરજી પર કોર્ટે ચુકાદો સુરક્ષિત રાખ્યો



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦

દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત સીબીઆઈ અને ઈડી કેસમાં નિયમિત જામીન માંગતી મનીષ સિસોદિયાની જામીન અરજી પર રાઉઝ એવન્યુ કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો છે. કોર્ટ ૩૦ એપ્રિલે ચુકાદો સંભળાવશે. સુનાવણી દરમિયાન ઈડીના વકીલે સ્પેશિયલ જજ કાવેરી બાવેજાને કહ્યું કે સુપ્રીમ કોર્ટ-હાઈકોર્ટે સિસોદિયાને કેસના માસ્ટર માઈન્ડ માન્યા છે. કોર્ટે સ્વીકાર્યું છે કે તેઓ તપાસને અસર પહોંચાડી શકે છે. મનીષ લિકર પોલિસી કૌભાંડ કેસમાં તિહાર જેલમાં છે. સિસોદિયાની ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેમજ, ઈડીએ સીબીઆઈની એફઆઈઆર સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ૯ માર્ચ, ૨૦૨૩ના રોજ સિસોદિયાની ધરપકડ કરી હતી.

























# જેનીબેન ઠુંમરનો લીલીયા-મહુવા તાલુકામાં લોકસંપર્ક

અમરેલી,તા. ૨૦

અમરેલી લોકસભા સીટના મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે લીલીયા તથા મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ કર્યો હતો. લીલીયા સ્થિત ઉમીયા માતાજીના મંદિરે દર્શન કરી આશીર્વાદ લીધા હતા. આ પ્રવાસ દરમ્યાન તલગાજરડા ખાતે પૂ.મોરારીબાપુના દર્શન કર્યા હતા. આ તકે તેમણે જણાવ્યુ હતુ કે મહુવાથી અયોધ્યા, હરિદ્વાર,ચારધામ, અને કાશી વિશ્વનાથ મહાદેવ વારાણસીની ડાયરેકટ ટ્રેનો શરૂ થાય તેવી અમારી લાગણી અને માંગણી છે. આ ઉપરાંત મહુવા પંથકના ખેડૂતો ખૂબ મહેનતુ છે. ત્યારે ડુંગળી, કપાસ, મગફળી અને તેલીબિયા અને કઠોળ સહિતના પાક લેતા ખેડૂતોને દવા-બિયારણ-ખાતરમાં જે જીએસટી છે તે દૂર કરવો જોઈએ. અહીંયા પ્રવાસનના અનેક ધામો છે. તો આ વિસ્તારને પ્રવાસધામ તરીકે વિકસાવવામાં આવે તો લોકોને સારામાં સારી રોજગારી મળી શકે. મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય, રસ્તા સહિતની માળખાકીય સુવિધાનો અભાવ છે. આ તકે પૂર્વ ધારાસભ્ય અને આ વિસ્તારમાં સેવાનું સરનામું ગણાતા ડો.કનુભાઈ કલસરીયા પણ જેનીબેન સાથે પ્રવાસમાં જોડાયા હતા. તેમણે જણાવ્યુ હતું કે, ખેડૂતો વધુમાં વધુ સમૃધ્ધ થાય તો ખેડૂતો અને તેની સાથે કામ કરતા અનેક ક્ષેત્રો મજુરો, સમૃદ્ધ થઈ શકે તેમ છે.





જેનીબેન ઠુમ્મર શિક્ષત ઉમેદવાર છે અને એક મહિલા છે, ત્યારે આ વિસ્તારની માતા-બહેનોએ સવિશેષ જેનીબેનને વિજયી બનાવવા મતદાન કરવાનું છે અને કરાવવાનું છે. આ પ્રવાસમાં ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, રાજભાઈ મહેતા, મહુવા યુવક કોંગ્રેસના પ્રમુખ વિજયભાઈ બારૈયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરિયા, સહિત વિશાળ સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા જૈન સંઘના ઉપક્રમે રવિવારે મહાવીર સ્વામી ભગવાનનું જન્મ કલ્યાણક ઉજવાશે

આ પ્રસંગે ભવ્ય અંગરચના ભાવના સંઘજમણનું આયોજન

સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા જૈન સંઘના ઉપક્રમે રવિવારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે. આચાર્ય વિજય વલ્લભ સુરીધરનુ મહારાજના સમુદાયના પૂજ્ય સાધ્વીજી કમલ પ્રભાશ્રીજી આદિઠાણા ૬ ની નિશ્રામાં શોભાયાત્રા જૈન દેરાસરથી જૈન વિદ્યાર્થી ગ્રુહ જશે. મહાવીર સ્વામી જન્મકલ્યાંણક પ્રસંગે ભવ્ય અંગરચના ભાવના સંઘજમણનું આયોજન કરવામાં આવેલ છે.

## નાના બારમણ, દલખાણીયા અને માંડળમાં મતદાતા જાગૃત્તિ કાર્યક્રમો યોજાયા

અમરેલી તા.૨૦

જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે જિલ્લામાં મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી કરવામાં આવી રહી છે . જેના અનુસંધાને ખાંભા, ધારી અને રાજુલા તાલુકામાં કાર્યક્રમ યોજાયા હતા. ખાંભા તાલુકા મામલતદારના અધ્યક્ષસ્થાને




ખાંભા તાલુકાના નાના બારમણ ખાતે “ચુનાવ પાઠશાલા” કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં નાગરિકોને મતદાન કરવા માટે જણાવવામાં આવ્યું હતું. ધારી તાલુકાના દલખાણીયા ગામે “ચુનાવ પાઠશાલા” કાર્યક્રમ યોજાયો હતો. રાજુલા તાલુકાના માંડળ ગામે “વોટર અવરનેસ પ્રોગ્રામ“ અંતર્ગત ‘ચુનાવ પાઠશાળા’ કાર્યક્રમ યોજાયો હતો. રાજુલા તાલુકા વિકાસ અધિકારી અને ચૂંટણી ફરજ પરના કર્મચારીઓએ ગ્રામજનોને મતદાનના મૂલ્ય અને તેના મહત્વ વિશે સમજૂતી આપી હતી.

## સા.કુંડલા ખાતે લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા સર્વ જ્ઞાતિ માટે નિઃશુલ્ક શૈક્ષણિક માર્ગદર્શન સેમિનાર

સાવરકુંડલા,તા.૨૦

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા પૂરી થઈ ગઈ છે અને થોડા સમયમાં જ પરિણામ પણ આવશે ત્યારે વિદ્યાર્થીઓને આગળ ક્યા ફિલ્ડમાં જવું તે માટે સચોટ માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશથી લોહાણા મહાજન ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા સર્વ જ્ઞાતિ માટે નિઃશુલ્ક શૈક્ષણિક માર્ગદર્શન સેમિનાર ૨૧ એપ્રિલના રોજ સાંજે ૫-૩૦ કલાકે લોહાણા મહાજન વાડી ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ધોરણ-૧૦ અને ૧૨ પછી કારકિર્દીના દરેક રસ્તાઓ વિશેની સચોટ માહિતી તેમજ માર્ગદર્શન રાજકોટના તજજ્ઞો દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમમાં હાજર રહેવા વાલીઓ તેમજ બાળકોને ટ્રસ્ટ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## લાઠી-ભુરખીયા-દામનગર રોડ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ

અમરેલી તા.૨૦

આગામી તા.૨૩.૦૪.૨૦૨૪ ને મંગળવારના રોજ હનુમાન જયંતી છે. જેના અનુસંધાને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી વાહન વ્યવસ્થા સહિતની વ્યવસ્થાઓ જળવાઈ રહે તે ઉદ્દેશ્ય સાથે કેટલાક પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યા છે. વાહન વ્યવસ્થા સુચારુ રીતે જળવાઈ રહે તે માટે લાઠી-ભુરખીયા-દામનગર રોડ પર ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ રહેશે. આ રોડ પરથી પસાર થતા ભારે વાહનોની અવરજવરને ડાયવર્ટ કરવામાં આવી છે. લાઠી-ભુરખીયા-દામનગર રોડને બદલે વૈકલ્પિક રુટ નક્કી કરવામાં આવ્યો છે તેમાં અમરેલી તરફથી લાઠી જતા વાહનોએ વાયા ચિતલ-બાબરા-ચાવંડ રોડ પરથી પસાર થવું. ચાવંડથી અમરેલી તરફ આવતા તમામ ભારે વાહનોએ બાબરા-ચિતલ-અમરેલી રોડ પરથી પસાર થવું. લાઠીથી દામનગર રૂટ પર જતા-આવતા ભારે વાહનોએ પ્રતાપગઢ - ભોરીંગડા-છભાડીયા-દામનગર રોડ પરથી પસાર થવા જણાવ્યું છે.

## સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરે હિંડોળા દર્શન યોજાયા

સાવરકુંડલા, તા.૨૦



સાવરકુંડલામાં આવેલા શિવાજીનગર વિસ્તારમાં કામદા એકાદશીના ઉપલક્ષ્યમાં સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા દર્શનનુ આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગી ભાઈઓ, બહેનો અને હરિભક્તો તેમજ સાંખ્યયોગી બહેનો અને આ વિસ્તારના શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લીધો હતો.

## સાવરકુંડલાની સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા તાલુકાની સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સ ઉચ્ચ માધ્યમિક કોમર્સ દ્વારા મેરિકોમના જીવન આધારિત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સુહાગીયા ગ્રીષ્મા, ગોસ્વામી જીનલ, પાનશેરિયા



દેવાંગ, રૈયાણી વ્રજ, રાદડિયા ધ્રુવી વગેરે વિદ્યાથીઓએ સુંદર પ્રદર્શન કર્યુ હતું. નિબંધ સ્પર્ધામાં માર્ગદર્શક શિક્ષક તરીકે હિતેશભાઈ મકવાણા અને મનીષભાઈ વિંઝુડાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

### ઉનાળામાં તૃષાતુરની તૃષાને શાંત કરવાનો ભગીરથ પ્રયાસ

## લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા ઠંડા પાણીનાં પરબનું લોકાર્પણ

અમરેલી, તા.૨૦

લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા નાવલી પોલીસ ચોકી પાસે ઠંડા પાણીનાં પરબનું-રિધ્ધી સિધ્ધી મહાદેવ મંદિરનાં પૂજારી વિનુબાપુ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા સંચાલિત આ ઠંડા પાણીનાં પરબમાં નિમેષ પટેલ




(હરિકૃષ્ણ ગ્રુપ લંડન), પ્રતિકભાઈ નાકરાણી-ઉપ પ્રમુખ નગરપાલીકા, અશ્વિનભાઈ સાગર-, કમલભાઈ શેલાર, વ્રજલાલ પોપટલાલ એન્ડ કંપની, હાર્દિકભાઈ માધવાણી-, ભરતભાઈ શેલડીયા, હાર્દિક પરમાર, ભુપતભાઈ બકરાણીયા, જીગ્નેશ ગળથીયા, જતિનભાઈ બનજારા, દિનેશભાઈ કારીયા, અશોકભાઈ સોસા, હાર્દિકભાઈ અઢીયા, સાગરભાઈ રૂપારેલ, મહેન્દ્રસિંહ ખુમાણ વગેરે દાતાઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે.

## વડીયામાં સગીરને માર મારવા સબબ ૩ પોલીસકર્મી સામે ફોજદારી કેસ ચાલશે

વડીયા, તા.૨૦

વડીયામાં અંદાજે અઢી વર્ષ પહેલા સગીરને પોલીસ દ્વારા માર મારવાના કેસમાં આખરે કોર્ટ દ્વારા પોલીસકર્મીઓ જેમાં એક પીઆઈ, એક પીએસઆઈ અને એક કોન્સ્ટેબલ સામેલ છે તેની સામે ફોજદારી કેસ ચલાવવા વડીયા કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. ગત તારીખ ૨૩/૫/૨૦૨૧ ના રોજ રાત્રીના નવ કલાકે વડીયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એ.ડી.સાંભડ તથા કોન્સ્ટેબલ દશરથસિંહ સરવૈયાએ સગીરની માતાને દારૂના ગુન્હાના નામ હોય હાજર રહેવા કહ્યુ હતુ. ત્યારબાદ સગીરને વડીયા પોલીસ સ્ટેશનના રૂમમાં બંધ કરી રકમની માંગણી કરી પટ્ટા વડે માર મારી ધમકી આપી હતી. બાદમાં પોલીસના ડરના લીધે સગીરની સારવાર અમરેલી એસ.ઓ.જી.ના પી.આઈ. એમ.એ.મોરી દ્વારા ધમકાવી થવા ના દેતા વધુ સારવાર અમદાવાદ ખાતે કરાવી હતી. બાદમાં પોલીસના ભયના લીધે સગીર પુત્રના માતા દ્વારા ન્યાય મેળવવા સેશન્સ કોર્ટ અમરેલી ખાતે પોસ્ટ મારફત ફરિયાદ મોકલવામાં આવી હતી. ફરિયાદી તથા ભોગ બનનાર સગીર તરફે એડવોકેટ મેહુલભાઈ રાઠોડ રોકાયેલા હતા. તપાસ અને પુરાવાના આધારે આરોપીઓ વડીયાના તત્કાલીન પી.એસ.આઈ એ.ડી.સાંભડ તથા કોન્સ્ટેબલ દશરથસિંહ સરવૈયા તેમજ તે સમયના અમરેલી એસ.ઓ.જી.ના પી.આઈ. એમ.એ.મોરી વિરુદ્ધમાં ફોજદારી કેસ ચલાવવા આજરોજ વડીયા પ્રિ.સિવિલ જજ દ્વારા હુકમ થયેલ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### ધારીમાં સતત નશામાં ધૂત રહેતા આવારા યુવક જય અરજણ ગંગલનો આતંક

# ધારીમાં સામુહિક મતદાન બહિષ્કારની ચિમકી



ધારી, તા.૨૦

ધારીના નવી વસાહતમાં રહેતા અરજણ બચુભાઈ ગંગલ તેમનું સામ્રાજ્ય સ્થાપવા તેના ૩૫ વર્ષના દીકરા જય અરજણ ગંગલ મારફતે શહેરમાં અરાજકતા ફેલાવી રહ્યો છે. તે નશામાં ધૂત થઈને શહેરમાં આતંકવાદીની જેમ ગમે તેના પર તૂટી પડે છે. એટલું જ નહીં મહિલાઓ પાસે બીભત્સ માંગણી કરી શારીરિક અડપલા કરે છે અને શાળા-કોલેજે જતી બેન દીકરીઓ તેનાથી ફફડે છે. ત્યારે આવારા જય વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવા માટે ધારી પ્રાંત કચેરીએ નાગરિકોએ બહોળી સંખ્યામાં હાજર રહી રજૂઆત કરતાં આવેદન પાઠવ્યું છે. આવેદન પત્ર અુસાર આ જય અરજણ ગંગલ પુરપાટ ઝડપે ગાડી ચલાવી નાસી જાય છે અને પોલીસની ફરજમાં પણ રૂકાવટ કરીને બીજાનું જીવન પણ ભયમાં મુકતો આવ્યો છે. પોલીસે રોકવા છતા આ ગુંડાએ બેફામ રીતે ગાડી દોડાવી અને ઉભી રાખેલ નહીં અને દબંગ ગુંડાની જેમ પોલીસની “એસીતેસી” કરી છટકી ગયેલો. પોલીસે તેમનો પીછો કરી રસ્તામાં તેમને દબોચી લઈ ચલાલા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરેલો છે. સ્થાનિક લોકોએ માંગ કરી છે કે, આ ગુંડા અને અસામાજિક વ્યક્તિને તાત્કાલિક પાસામાં પૂરી લોકોને તેના ત્રાસમાંથી મુક્ત કરવામાં આવે અને જો પાસામાં મોકલવામાં નહિ આવે તો ના છુટકે મતદાન બહિષ્કાર કરવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

#### આ ગુંડાને પોલીસનો પણ ડર નથી

આ માણસ કાયદાના રક્ષકોને પણ ગાંઠતો ન હોય અને પોલીસ સામે પણ ગુંડાગારી કરતો હોય ત્યારે સામાન્ય લોકોની દશા કેવી હશે તે વિચારી પણ શકાય એમ નથી. આ જ કારણ છે કે લોકો તેની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પણ ડરે છે, કારણ કે આ ગુંડો ગમે ત્યારે ગમે તેના ઉપર જીવલેણ હુમલો કરે છે. તેને દારૂ જેવો નશો ચડતો નથી. જેથી મેડીકલ ઉપર નશાકારક દવા લેવા જતા મેડીકલ વાળાએ ન આપતા તેના ઉપર પણ જીવલેણ હુમલો કર્યો હતો. પોલીસનો જાણે કોઈ ડર જ ન હોય તેમ આ વ્યક્તિ ઉપર ધારી પોલીસ સ્ટેશનમાં કેટલાય ગુન્હાઓ નોંધાયેલા છે.

# સાવરકુંડલા, જાફરાબાદ અને રાજુલા પંથકના ગામોમાં ભરત સુતરીયાનો ચૂંટણી પ્રવાસ







અમરેલી,તા. ૨૦

અમરેલી લોકસભા સીટના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાના ગામોમાં ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યા છે. જેના અનુસંધાને તેમણે સાવરકુંડલાના ઓળીયા ગામે અને જાફરાબાદના ગામો તથા રાજુલા પંથકમાં સભાઓ યોજી હતી. સાવરકુંડલાનાં ઓળીયા ગામે રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભાજપ પક્ષે મતદાન કરી જંગી બહુમતીથી વિજયી બનાવી વિકસિત ભારતના નિર્માણ માટે પોતાનું યોગદાન આપવા માટે અપીલ કરી. આ તકે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પુનાભાઈ ગજેરા, મનુભાઈ કાકડીયા, અમરેલી જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા તેમજ ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ભરતભાઈએ કોવાયા ગામે લાખણોત્રા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થઈ, પૂજ્ય જીગ્નેશ દાદાના મુખેથી કથા સાંભળવાનો લ્હાવો લીધો હતો.

આ તકે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ, મીઠાભાઈ લાખણોત્રા, જિલ્લા ભાજપના યુવા મોરચાના પ્રમુખ ચેતનભાઈ શીયાળ, APMCના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, અમરીશભાઈ ડેર, વનરાજભાઈ કોઠીવાળ, વનરાજભાઈ ડાંગર સહિતનાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જાફરાબાદનાં ભાકોદર ગામમાં આવેલ રામાપીરના મંદિરે દર્શન કર્યા હતા સાથે જાફરાબાદનાં વારાહસ્વરૂપ ગામે વરાહ ભગવાનના મંદિરે, બાબરકોટ ગામે ખોડિયાર માતાજી મંદિરે, વઢેરા ગામે હરસિદ્ધિ માતાજી મંદિરે દર્શન કરી, દરેક સ્થાને આયોજિત સભામાં ઉપસ્થિત કર્મઠ કાર્યકર્તાઓને ચૂંટણીમાં ભાજપને બહુમતી સાથે પ્રચંડ જનસમર્થન અપાવવા જરૂરી પ્રયાસો હાથ ધરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતુ. તેમજ સૌને ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મોટી સંખ્યામાં મતદાન કરવા હાકલ કરી હતી.

આ દરમિયાન તેમની સાથે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપના યુવા મોરચાના પ્રમુખ ચેતનભાઈ શીયાળ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપ પ્રમુખ દિનેશભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ કરશનભાઈ પરમાર, સરપંચ સોંડાભાઈ ચાવડા, પૂર્વ સરપંચ સાદુરભાઈ બારૈયા, અનિરૂધ્ધભાઈ વાળા સહિતનાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હાજર તમામ ગ્રામજનોએ અવશ્ય મતદાન કરશે તેવા શપથ લીધાં

# ધજડી પ્રાથમિક શાળા ખાતે ચુનાવ પાઠશાળા અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૨૦

ધજડી પ્રાથમિક શાળા ખાતે ૧૯ એપ્રિલના રોજ ચુનાવ પાઠશાળા અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કે. જે.કલસરિયા (કાર્યપાલક ઈજનેર, સિંચાઈ વિભાગ) દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ હતું. જેમાં આંગણવાડી કાર્યકર બહેનો તેમજ આશા વર્કર બહેનોનાં સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સરપંચ ભરતભાઈ ધડુકની હાજરીમાં હાજર તમામ ગ્રામજનોએ અવશ્ય મતદાન કરશે તેવા શપથ લીધાં હતા.

### ઘણા વર્ષોથી ચેમ્બર ઓફ કોમર્સમાં એકનાં એક સભ્ય હતા

# બગસરામાં ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણીમાં ૧૫ બેઠક માટે ૩૪ ઉમેદવારો મેદાનમાં





તસવીર : હાર્દિક બામટા

બગસરા, તા.૨૦

બગસરામાં જૈન ભોજનશાળા ખાતે ચૂંટણી અધિકારી એમજે વ્યાસ એડવોકેટની હાજરીમાં ૬૦૫ મતદારો ધરાવતી ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ૧૫ બેઠકો માટે ૩૪ ઉમેદવારો મેદાને પડતા ખરા-ખરીનો જંગ જમ્યો હતો. વિગતો અનુસાર આ ચૂંટણીમાં ૧૫ બેઠકો માટે બે પેનલ તેમજ ૪ અપક્ષ ઉમેદવારો સહિત કુલ ૩૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. ઘણા વર્ષોથી ચેમ્બર કોમર્સમાં એકનાં એક સભ્યો હતા પરંતુ ચાલુ વર્ષે બીજા નવા ચહેરા મેદાનમાં ઉતરતા મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વર્ષોથી વેપારીઓના પ્રશ્નોનું નિરાકરણ ન થતાં નવા ઉમેદવારો લોક પ્રશ્નોને વાચા આપવા તેમજ બગસરામાં થતા ભ્રષ્ટાચાર સામે જંગે ચડ્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સાંજે મતગણતરી બાદ ૮ કલાકે સામાન્ય સભા રાખવામાં આવેલ છે તેમાં જીતેલા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




# સાવરકુંડલાનાં પીઠવડી ગામના સરપંચનું પ્રેરણાદાયી કાર્ય



સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામના યુવા સરપંચ ભૌતિકભાઈ સુહાગીયાએ ગ્રામજનોની સુખાકારી માટે અનોખું સેવાકીય કાર્ય કર્યું છે. તેમણે ગ્રામ પંચાયતના બોરમાં પાણી ડુકી જતા પોતાની વાડીએથી ગામને પીવાનું પાણી પુરૂં પાડીને સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગયા વર્ષે ચોમાસામાં નહિંવત વરસાદ થતાં પંચાયતના બોરમાં પાણી ડુકી ગયા હોય ત્યારે સરપંચ દ્વારા પોતાની વાડીનું પાણી ઉનાળું વાવેતર કરવાને બદલે ગામના લોકોના પીવા માટે ઉપયોગમાં લેવાતા ગ્રામજનોએ આ સેવાકીય કાર્ય માટે રાજીપો વ્યક્ત કર્યો હતો.

-// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ - ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ/રજી.નં.૧૧૬/૨૦૨૪

**પ્રતિ**
ગૌસ્વામી ભિખુગીરી કાળુગીરી, .........અરજદાર
રહે. આલીદર, ગામ-આલીદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર-સોમનાથ
વકીલશ્રી વકીલશ્રી કે.ડી.ભેડા, મુ. સીવીલ કોર્ટ પાસે કોડીનાર, તા. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી, આલીદર તાલુકો-કોડીનાર, જિલ્લો -ગીર સોમનાથ ........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામના રહીશ શ્રી ગૌસ્વામી ભિખગીરી કાળુગીરીના દાદીશ્રી પાર્વતીબેન ભગવાનગીરી ગૌસ્વામીનું મરણ તા. ૦૮/૦૫/૧૯૮૭ ના રોજ કોડીનાર તાલુકાના આલીદર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના આલીદર ગામના સને ૧૯૮૭ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
(સી.પી. હિરવાણીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
ઉના

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝીકૂલર બનાવનાર....
SINCE 1990




: ઓથો.ડીલર:
Haier | VOLTAS | Rockwell | HI-FROST | BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....
દુ. ૬/૭– ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555
For product registration, SMS <WTA> to 9289525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# એસ.એચ.ગજેરા સ્કૂલની વિદ્યાર્થીઓની હેન્ડબોલ રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

અમરેલી, તા.૨૦



શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હેન્ડબોલ રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થવા પામી છે. ધો.૮ના વાઘેલા સૂર્યદીપ, ધો.૫ના દુવે નરેશ, ધો.૭ના ચૌહાણ નવીન, ધો.૬ના તમગડીયા માનસી, ધો.૮ના ઝાપડીયા સુનિતા, ધો.૮ના મેર રિદ્ધીની હેન્ડબોલ નેશનલ ચેમ્પિયનશીપમાં મુંબઈ ખાતે પસંદગી થઈ છે. આ તમામ વિદ્યાર્થીઓને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, હેન્ડબોલ કોચ રવિભાઈ નાવડીયા, સંસ્થાના તમામ સ્ટાફ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરીને આવે અને રાજ્ય તથા અમરેલીનું ગૌરવ વધારે તે માટે શુભકામના પાઠવવામાં આવી હતી.

# લોકસભા ચૂંટણીને લઈ અમરેલી જિલ્લામાં ૯૨૨૨ લોકો સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં લોકસભા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે કુલ ૯૨૨૨ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે. ઉપરાંત ૧૦૪૩ માથાભારે ઈસમો વિરુદ્ધ પાસા તથા હદપારની દરખાસ્ત અને પ્રોહિબીશન અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં પાસાના ૬૩, હદપારના ૨૦૦ અને પ્રોહિબીશનના ૭૮૦ કેસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દેશી દારૂના ૫૦૨ કેસ અને ૨૬૦૬ લીટર દારૂ તથા ઈંગ્લીશ દારૂના ૧૯ કેસો અને ૩૦૦૬ બોટલ સહિત ૩૨,૬૯,૪૫૯ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. એનડીપીએસ એક્ટ હેઠળ ૧.૫૪૨ કિગ્રો ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. જિલ્લામાં કુલ ૧૬ ચેક પોસ્ટ તથા ૨૨ એસએસટી ટીમ કાર્યરત કરવામાં આવી છે, ઉપરાંત ૨૪૮૭ રાઉન્ડ ધ ક્લોક વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

### ૯૫૫ હથિયાર જમા લેવામાં આવ્યા

અમરેલી જિલ્લામાં હથિયાર લાયસન્સ ધરાવતા વ્યક્તિઓ પાસેથી કુલ ૯૫૫ હથિયાર જમા લેવામાં આવ્યા છે. જ્યારે ગેરકાયદે હથિયાર ધરાવતાં કુલ ૬ હથિયાર અને ૨ કાર્ટિજ કબ્જે કરવામાં આવ્યા છે.

# 'તમે રાજપરા માથાકૂટ કરવા કેમ જાવ છો' કહી મહિલાને ગાળો બોલી ધમકી આપી

જાફરાબાદ, તા.૨૦

જાફરાબાદના ધારાબંદર ખાતે લસુબેન ચીનુભાઈ સોલંકી (ઉ.વ.૪૮)એ ચીનાભાઈ ચીથરભાઈ સોલંકી, કાનાભાઈ રામભાઈ સોલંકી તથા ગાંડાભાઈ માંડણભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દિકરા રાજુને રાજપરા ખાતે માથાકુટ થઈ હતી. જેની ફરિયાદ થતા તેના મોટા દિકરા સુરેશભાઈ સાથે બન્ને રાજુને લેવા જતા હતા ત્યારે ધારાબંદર ભુતડાદાદાના મંદિર પાસે આરોપીઓ ઉભા હતા. તેમણે કહ્યું કે, તમે રાજપરા માથાકુટ કરવા કેમ જાવ છો તેમ કહી તેમના મોટા પુત્ર સુરેશને લાકડી વડે વાંસાના ભાગે, જમણા હાથની કોણી ઉપર, જમણા પગના ગોઠણ ઉપર લાકડી વતી માર માર્યો હતો. ઉપરાંત જેમ ફાવે તેમ ગાળો આપી શરીરે ઈજાઓ કરી ત્રણેય આરોપીઓએ મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.વી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની મેઈન બજારમાં આખલા યુદ્ધથી લોકોના જીવ તાળવે ચોંટ્યા

સાવરકુંડલા, તા.૨૦



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાની મેઈન બજારમાં આખલા યુદ્ધ થતાં પસાર થતાં લોકો અને વેપારીઓના જીવ તાળવે ચોંટી ગયો હતો. શહેરમાં અવારનવાર આ પ્રશ્નો થઈ રહ્યા છે. મેઈન બજારમાં મોટા પ્રમાણમાં વેપારીઓ હોય છે અને સતત વાહનોની પણ અવરજવર રહેતી હોય છે ત્યારે આ પ્રશ્નથી સૌ લોકો પરેશાન થઈ રહ્યા છે. થોડાક સમય પહેલા જ સાવરકુંડલાની હોમગાર્ડ કચેરીની બાજુમાં આખલા યુદ્ધ થયું હતું અને હવે મેઈન બજારમાં આખલા યુદ્ધ થયું હતું. જો તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવે તો મોટી જાનહાની થાય તો પણ નવાઈ નહીં ત્યારે જોવાનું રહ્યું કે તંત્ર દ્વારા આવનારા સમયમાં શું પગલાં લેવામાં આવે છે.

# સોઢાપરા ગામે માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં પુત્રીએ ઝેરી દવા પીધી

ધારી, તા.૨૦

ધારીના સોઢાપરા ગામે રહેતી એક માતાએ તેની પુત્રીને ખીજાઈને ઘરનું કામ કરવા માટે ઠપકો આપતાં લાગી આવ્યું હતું અને પોતાની મેળે અનાજમાં નાંખવાની ઝેરી દવા પી લીધી હતી. જેના કારણે મરણ પામી હતી. આ અંગે મથુરભાઈ પોપટભાઈ કુકવાવા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીને માતાએ ઘરનું કામ કરવા માટે ખીજાઈને ઠપકો આપ્યો હતો. જેથી મનમાં લાગી આવ્યું હતું અને પોતાની મેળે અનાજમાં નાખવાની ઝેરી દવા પી લેતા મરણ પામી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી.સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

ધારીના પ્રેમપરામાં રહેતી એક મહિલાએ બીમારીથી કંટાળી દવાનો ઓવરડોઝ લેતા તબિયત લથડી હતી. જેને લઈ સારવાર અર્થે ખસેડાઈ હતી.

# લીલીયામાં બોલાચાલી થતા છરીથી હુમલો કરી જાનથી મારવાની ધમકી આપી

લીલીયા, તા.૨૦

### બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી

લીલીયામાં ચીકુના વજન બાબતે બોલાચાલી થતાં મામલો બીચક્યો હતો અને બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. અંટાળીયા મહાદેવ ખાતે રહેતા જગાભાઈ હરીભાઈ ચોટીયા (ઉ.વ.૩૦)એ ) મોહિનભાઈ સૈયદહુસેન કાદરી તથા સૈયદહુસેન અલીમીયા કાદરી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને આરોપી સાથે ચીકુના વજન બાબતે બોલાચાલી થતાં છરી વડે હુમલો કરી, ગાળો આપીને જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ મોહિનભાઈ સૈયદહુસેન કાદરી (ઉ.વ.૨૮)એ ) જગાભાઈ હિરાભાઈ સોટીયા તથા હિરાભાઈ પુનાભાઈ સોટીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ ફ્રુટની લારીએ ફ્રુટ વેચતા હતા અને ચીકુના વજન બાબતે આરોપીઓ સાથે બોલાચાલી થતા આરોપીઓએ તેમને તથા સાહેદને ગાળો આપી, શરીરે જેમ ફાવે તેમ ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગૌતમભાઈ વલકુભાઈ બંને કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

# હડાળા ચોકડીએથી કતલખાને ધકેલાતાં ૪ અબોલ જીવ બચાવાયા

### પોલીસે કુલ ૩૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી

બગસરા, તા.૨૦

બગસરાની હડાળા ચોકડીએથી પોલીસે કતલખાને ધકેલાતા ૪ પાડાને બચાવી લીધા હતા. કાદરભાઈ અલારખભાઈ કાળવાતર (ઉ.વ.૪૨) તેમની ભાર રીક્ષામાં ૪ પાડાને દોરીથી ખીચો ખીચ હલન ચલન ન કરી શકે તે રીતે ક્રૂરતાપૂર્વક બાંધીને કતલ કરવાના ઈરાદે લઈ જતા ઝડપાયો હતો. તેણે આ પાડા જુના વાઘણીયા ગામના દિનેશભાઈ રઘુભાઈ ચારોલા પાસેથી ખરીદ્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે કુલ ૩૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.જે.બલસરા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના બાટવા દેવળી ગામે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા વિશ્વ મેલેરિયા દિવસ ઉજવાશે

વડિયા, તા.૨૦



સમગ્ર દેશમાં ૨૫/૦૪/૨૦૨૪ના રોજ વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવામાં આવશે, જે અનુસંધાને જિલ્લા મેલેરિયા અધિકારી, અમરેલી તેમજ બ્લોક ઓફિસ કુંકાવાવના પ્રા.આ.કેન્દ્ર અનીડાના માર્ગદર્શન અંતર્ગત બાટવા દેવળી તેમજ દેવળકી ગામે વાહકજન્ય રોગ નિયંત્રણ પોરાનાશક કામગીરી તેમજ ગામલોકો, શાળાના બાળકોને મચ્છરથી થતા રોગ અને મચ્છરની ઉત્પત્તિ થવાના પાત્રો તેમજ બચવાના ઉપાયો બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ.હતુ આ કામગીરી માં સી.એચ.ઓ. કેતનભાઈ ચૌહાણ, સાગરભાઈ ગોંડલીયા તેમજ શિલ્પાબેન ધુંધરવા અને આશાબહેનોની ટીમ બનાવી ઘરે ઘરે જઈ લોકો ને મેલેરિયા અને મચ્છર જન્ય રોગો બાબતે સમજૂતી આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૫૧૯ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૦૨ |
| જુવાર સફેદ | ૭૨૦ | ૭૮૦ |
| જુવાર લાલ | ૭૫૦ | ૮૫૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૪૮૦ |
| બાજરી | ૪૦૦ | ૪૩૫ |
| તુવેર | ૧૫૦૦ | ૨૩૮૭ |
| ચણા પીળા | ૧૦૮૫ | ૧૨૨૦ |
| ચણા સફેદ | ૧૬૨૫ | ૨૧૫૫ |
| અડદ | ૧૫૯૦ | ૨૦૦૧ |
| મગ | ૧૪૫૦ | ૧૯૭૫ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૨૧૫૦ |
| ચોળી | ૩૫૦૪ | ૩૯૦૧ |
| વટાણા | ૧૩૭૫ | ૨૦૦૦ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૧૬૯૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૫૩ |
| મગફળી જીણી | ૧૧૩૦ | ૧૨૪૮ |
| તલી | ૨૫૧૦ | ૨૮૦૦ |
| સુરજમુખી | ૬૩૦ | ૮૧૦ |
| એરંડા | ૧૦૨૫ | ૧૦૯૫ |
| અજમો | ૨૪૦૦ | ૨૪૦૦ |
| સુવા | ૯૭૫ | ૧૨૩૦ |
| સોયાબીન | ૮૭૫ | ૮૯૩ |
| સીંગફાડા | ૧૧૨૦ | ૧૫૭૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૨૪૦ |
| લસણ | ૧૨૩૦ | ૩૦૦૦ |
| ધાણા | ૧૨૬૧ | ૧૭૫૧ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૬૦૦ |
| ધાણી | ૧૩૭૫ | ૨૨૫૧ |
| વરીયાળી | ૯૩૦ | ૧૭૦૦ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૩,૬૦૦ | ૪,૩૦૦ |
| રાય | ૧૧૩૦ | ૧,૩૫૦ |
| મેથી | ૯૭૦ | ૧૩૭૦ |
| ઇસબગુલ | ૧૯૦૦ | ૨૩૬૦ |
| અશેરીયો | ૧૨૨૫ | ૧૪૯૦ |
| કલોંજી | ૩૨૭૦ | ૩૬૩૦ |
| રાયડો | ૮૭૦ | ૯૭૦ |
| રજકાનું બી | ૩૧૦૦ | ૪૫૦૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૧૦૦૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૧૦૦ | ૨૭૦૦ |
| શક્કરટેટી | ૨૦૦ | ૪૬૦ |
| તરબુચ | ૧૬૦ | ૩૫૦ |
| બટેટા | ૩૫૦ | ૬૨૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૨૫ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૨૫૦ | ૧૫૮૦ |
| કોથમરી | ૨૦૦ | ૩૫૦ |
| શક્કરિયા | ૨૨૦ | ૪૩૦ |
| રીંગણા | ૧૪૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૬૦ |
| ફ્લાવર | ૨૪૦ | ૪૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૯૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૧૦૫૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૪૦ |
| કારેલા | ૩૦૦ | ૯૦૦ |
| સરગવો | ૨૮૦ | ૫૩૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| પરવળ | ૬૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૨૨૦ | ૪૮૦ |
| ગાજર | ૨૦૦ | ૨૮૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૫૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૬૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૧૭૦૦ | ૨૪૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૩૬૦ |
| ગુંદા | ૩૦૦ | ૭૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૨૦ | ૪૯૦ |
| રીંગણાં | ૪૧૦ | ૫૦૦ |
| ફુલાવર | ૨૧૦ | ૨૬૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૨૫૦ | ૩૦૦ |
| સુરણ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દૂધી | ૩૧૦ | ૪૧૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૩૨૦ | ૫૨૦ |
| કાકડી | ૩૨૦ | ૪૨૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૪૧૦ | ૧૬૧૦ |
| ચોળાશીંગ | ૮૩૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૧૦ | ૯૧૦ |
| પાકી કેરી | ૨૦૦૦ | ૨૬૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૪૧૦ | ૨૬૧૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૧૦ | ૫૧૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૭૦ | ૨૭૦ |
| સરગવો | ૨૫૦ | ૩૫૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૯૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૨૦ |
| ડુંગળી સૂકી | ૧૪૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૨૨૦૦ | ૨૫૦૦ |
| લસણ સૂકું | ૨૪૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૩૧૦ | ૪૧૦ |
| લીંબુ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૮૬ | ૧૪૮૩ |
| શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૨૦૬ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૨૦૦ |
| શિંગ ફાડા | ૧૪૫૫ | ૧૫૭૦ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૨૭૯૪ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૧૫૨ |
| બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| જુવાર | ૪૫૦ | ૮૨૦ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૬૭૧ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૬૨૦ |
| મકાઇ | ૩૦૦ | ૬૦૫ |
| અડદ | ૧૮૬૧ | ૧૮૬૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૩૨ |
| તુવેર | ૧૪૧૦ | ૨૨૭૭ |


| | | |
|---|---|---|
| એરંડા | ૧૦૨૫ | ૧૦૯૦ |
| જીરું | ૨,૪૦૦ | ૪,૩૩૦ |
| રાયડો | ૮૨૫ | ૯૪૦ |
| રાઈ | ૯૦૦ | ૧૦૩૬ |
| ધાણા | ૧૦૬૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૨૩૦ | ૧૮૯૦ |
| અજમા | ૨૧૨૦ | ૨૫૪૦ |
| મેથી | ૮૦૦ | ૯૭૪ |
| સોયાબીન | ૮૧૫ | ૮૯૪ |
| મરચા લાંબા | ૬૭૦ | ૩૫૦૦ |
| વરીયાળી | ૧૧૦૫ | ૧૪૬૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૬૦ | ૧૪૮૦ |
| મગફળી | ૧૦૮૦ | ૧૧૭૦ |
| જુવાર | ૬૫૦ | ૭૫૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૨૫ |
| ચણા | ૧૧૯૦ | ૧૨૨૧ |
| જીરૂ | ૩૯૫૦ | ૪,૨૨૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| મેથી | ૮૮૦ | ૯૫૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૪૫ | ૧૩૦૫ |
| ઘઉં | ૩૭૫ | ૫૦૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૧૯૮ |
| તુવેર | ૧૮૦૦ | ૨૦૧૫ |
| મકાઈ | ૪૫૭ | ૪૫૭ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૫૧ |
| ચણા | ૯૨૫ | ૧૧૮૬ |
| જીરૂ | ૨,૦૦૦ | ૪,૨૨૦ |
| રાયડો | ૯૨૨ | ૯૨૨ |
| ચણા સફેદ | ૧૨૦૩ | ૧૫૬૦ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૨૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૦૭ |
| મગફળી | ૧૦૪૦ | ૧૨૫૦ |
| અડદ | ૧૧૬૫ | ૧૧૬૫ |
| લસણ | ૧૦૬૫ | ૧૫૦૦ |
| ધાણી | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ધાણા | ૧૨૫૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| એરંડા | ૧૦૭૨ | ૧૦૮૦ |
| મેથી | ૮૮૦ | ૯૬૨ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૪ |
| મગફળી | ૯૨૫ | ૯૨૫ |
| તલ | ૨૪૫૧ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૪૫૧ | ૨૪૫૧ |
| બાજરો | ૪૨૫ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૨ |
| જુવાર | ૪૪૫ | ૮૫૦ |
| મકાઈ | ૩૦૨ | ૩૦૨ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૯૦ |
| એરંડા | ૯૫૦ | ૧૦૦૦ |
| રાજગરો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૪૦ | ૮૪૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૧ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૨૧૨ |
| મગફળી જાડી | ૯૦૧ | ૧૨૬૩ |
| તલ | ૨૪૮૨ | ૨૭૩૦ |
| જીરૂ | ૩,૪૩૫ | ૪,૬૦૦ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૩૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૬ |
| બાજરો | ૪૦૦ | ૪૭૩ |
| જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૩૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| એરંડા | ૧૦૨૦ | ૧૦૮૫ |
| મેથી | ૮૫૦ | ૧૦૪૦ |
| રાયડો | ૯૦૦ | ૯૫૨ |
| ધાણા | ૧૩૦૦ | ૧૬૦૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૩ |
| કળથી | ૧૨૦૦ | ૧૮૪૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૫ |
| મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૬ |
| તુવેર | ૧૮૦૦ | ૨૨૦૧ |
| મગફળી | ૮૦૦ | ૧૦૦૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૩૩૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩,૮૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૬૧ | ૧૪૮૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૫૬ |
| મગફળી જીણી | ૯૨૧ | ૧૩૨૬ |
| સિંગ ફાડીયા | ૮૫૧ | ૧૫૭૧ |
| એરંડા/એરંડી | ૮૦૦ | ૧૧૨૧ |
| જીરૂ | ૩૬૦૧ | ૪૩૯૧ |

| | | |
|---|---|---|
| કલોંજી | ૧૧૦૧ | ૩૭૨૧ |
| વરીયાળી | ૯૫૧ | ૧૨૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૫૧ |
| મરચા સૂકા | ૫૦૧ | ૬૨૦૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૩૧૫૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૩૩૧ |
| અડદ | ૧૩૬૧ | ૧૮૪૧ |
| મઠ | ૯૪૧ | ૯૪૧ |
| તુવેર | ૧૨૩૧ | ૨૨૭૧ |
| રાયડો | ૮૦૧ | ૯૪૧ |
| રાય | ૧૦૮૧ | ૧૨૩૧ |
| મેથી | ૫૫૧ | ૧૧૫૧ |
| સુવાદાણા | ૯૮૧ | ૯૮૧ |
| કાંગ | ૪૨૧ | ૧૦૮૧ |
| સુરજમુખી | ૮૭૧ | ૮૭૧ |
| મરચા | ૬૦૧ | ૨૮૦૧ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૨૧ |
| સફેદ ચણા | ૧૨૭૬ | ૨૧૦૦ |
| તલ – તલી | ૨૦૦૦ | ૨૭૮૧ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણી | ૧૧૦૦ | ૨૩૦૧ |
| ડુંગળી સફેદ | ૨૨૦ | ૨૭૦ |
| બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| જુવાર | ૪૦૧ | ૭૬૧ |
| મગ | ૧૬૭૬ | ૧૯૭૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૧ |
| વાલ | ૪૯૧ | ૧૮૫૧ |
| વાલ પાપડી | ૫૦૧ | ૧૪૨૬ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૧ |
| અજમા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ગોગળી | ૮૩૦ | ૧૧૨૧ |

# જ્યારે નહેરુ જે. આર. ડી. પર ભડકી ગયા



વિચાર વલોણું
જયવંત પંડ્યા

ઈલેક્ટૉરલ બૉન્ડની આજકાલ બહુ ચર્ચા છે. ઈલેક્ટૉરલ બૉન્ડ પહેલાં રોકડમાં દાન અપાતું હતું. પરંતુ ઈલેક્ટૉરલ બૉન્ડ આવ્યા પછી ચેકમાં અપાતું થયું. કાળા નાણાંના બદલે સફેદ નાણાંમાં વ્યવહાર શરૂ થયો. દાન આપનાર ચેકથી નાણાં આપે અને તે પણ એસ.બી.આઈ. મારફતે, તેથી બધો ડેટા મળતો થયો. તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલયે માર્ચ મહિના છતાં એસ.બી.આઈ.ને તાત્કાલિક ડેટા આપવાનું કહ્યું અને એસ.બી.આઈ.એ આપી દીધો પરંતુ ઈલેક્ટરોલ બૉન્ડના બદલે જૂની પ્રણાલિ હોત તો ડેટા પણ મળત ખરો?

આ ડેટાના આધારે કોણે કયા પક્ષને કેટલું દાન આપ્યું તે જાણવા મળ્યું. સર્વોચ્ચ ન્યાયાલયે ઈલેક્ટૉરલ બૉન્ડ બંધ કરાવ્યા, કારણ કે તેમાં માહિતી અપાતી નહોતી. પરંતુ તે પહેલાં ક્યાં માહિતી અપાતી હતી? પણ ૨૦૧૪ પછી કેન્દ્ર સરકારના લગભગ દરેક કાયદાને બારીકાઈથી માપી, તેના વિરોધમાં પી.આઈ.એલ. થઈ છે. તેના પર વિરોધમાં કે તરફેણમાં સર્વોચ્ચે ન્યાય તોળ્યો છે.

એક ઘરમાં ભિક્ષુક આવ્યો, પણ ઘરમાં લોટ નહોતો. વહુએ ના પાડી કે મહારાજ, આજે લોટ નથી. કાલે આવજો. ભિક્ષુક ચાલતી પકડતો હતો ત્યાં સાસુ આદેશાત્મક અવાજમાં બોલ્યા, 'મહારાજ, ઊભા રહેજો. 'ભૂખ્યા ભિક્ષુકને લોટ મળવાની આશા જાગી. તે દરવાજે આશાભરી દૃષ્ટિથી તાકતો ઊભો રહ્યો. સાસુ આવ્યાં અને ના પાડી, ''મહારાજ, કાલે આવજો.'' ભિક્ષુકની આશા તરત જ નિરાશામાં પલટાઈ, ''આ તો વહુ બેટાએ પણ કહી દીધું હતું. આ કહેવા માટે મને પાછો બોલાવ્યો.'' સાસુ કહે, ''ના પાડનારી એ કોણ? હું ના પાડું પછી જ તમારે સમજવાનું કે લોટ નથી.'' સર્વોચ્ચનું આવું જ છે.

તાજેતરમાં ચૂંટણી પૂર્વે ફરી પ્રશાંત ભૂષણે બેલેટથી ચૂંટણી કરાવવા માગણી કરી. અગાઉ બે વાર ન્યાયાલયનું અપમાન કરી ચૂકેલા અને એક વાર માત્ર રૂ. ૧નો દંડ પામેલા પ્રશાંત ભૂષણને ન્યાયમૂર્તિઓએ ઠંડકથી કહ્યું, ''બેલેટથી અગાઉ કેવી રીતે મતદાન થતું હતું તે અમે જાણીએ છીએ.'' પરંતુ પ્રશાંત ભૂષણની જગ્યાએ જો બીજું કોઈ હોત તો એક જ પ્રકારની યાચિકા દર ચૂંટણીએ (લોકસભા તેમજ રાજ્યોની ચૂંટણી) કરવા માટે ન્યાયમૂર્તિ મહાશયોએ દંડ ઠપકારી દીધો હોત. અરવિંદ કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવે છે. તેમાં બે વાર યાચિકા કરાઈ તેમાં ન્યાયમૂર્તિ મહાશયો ખિજાઈ ગયા હતા.

ઈલેક્ટૉરલ બૉન્ડની વાત નીકળી છે તો વિપક્ષને દાન આપવા માટે, સૌથી 'ઉદારવાદી' મનાતા જવાહરલાલ નહેરુનું વલણ કેવું હતું તે જોવા જેવું છે. ૧૯૫૯ આસપાસ ચક્રવર્તી રાજગોપાલાચારી (સી. રાજગોપાલાચારી)એ નવો પક્ષ શરૂ કર્યો હતો, જેનું નામ 'સ્વતંત્ર પાર્ટી' હતું. અત્યારે 'લિબરલ' એટલે કે ઉદારવાદી ગણાતો કૉંગ્રેસ પક્ષ એ વખતે રૂઢિવાદી ગણાતો હતો! અને સામ્યવાદી-સમાજવાદી નીતિના કારણે લાયસન્સ રાજ આવી ગયું હતું. નહેરુએ ટાટાની ઍર ઈન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કરી દીધું હતું કારણકે નહેરુ ચીન જઈ આવ્યા પછી તેની સામ્યવાદી નીતિથી પ્રભાવિત હતા. આ રીતે નહેરુએ ભારતના ઉદ્યોગપતિઓને નિરુત્સાહ કરી દીધા હતા કારણકે ઉદ્યોગપતિઓને લાગે કે આપણે મહામૂલી મૂડીથી ઉદ્યોગો સ્થાપીએ અને ખબર નહીં ક્યારે, નહેરુ-ઈન્દિરા તેનું રાષ્ટ્રીયકરણ કરી આપણા હાથમાંથી તેને છિનવી લે!

જમશેદજી રતનજી દાદાભાઈ તાતા (જે. આર. ડી.) નહેરુ અને ઈન્દિરા ગાંધીની કેટલીક બાબતોના પ્રશંસક હતા પરંતુ લાંબા ગાળા સુધી કૉંગ્રેસનું શાસન ચાલુ રહે તો તેનું જોખમ જાણતા હતા. તેમનો નહેરુવાદી રાજકારણથી મોહભંગ પણ થઈ ચૂક્યો હતો. તેમણે એકવાર નહેરુને લખ્યું હતું, ''હું જ્યારે વેપાર-ધંધામાં દાખલ થયો ત્યારે કાળા નાણાં નહોતાં. ભ્રષ્ટાચાર નહોતો. ત્યારે એવી કોઈ સ્થિતિ નહોતી કે પ્રત્યેક બાબત માટે તમારે પરવાનગી લેવી પડે. અગાઉ વેરા ખૂબ જ ઓછા હતા. જ્યારે વેરા અને નિયંત્રણો વધી જાય ત્યારે કાળા નાણાં વધી જાય છે.'' જે. આર. ડી.એ વિવિધ સરકારોના અનુભવ પછી આ બાબત ૧૯૮૦ના દાયકામાં સ્વીકારી હતી.

એટલે જ્યારે સી. રાજગોપાલાચારીએ જે. આર. ડી. તાતાને તેમના નવા પક્ષ માટે ટેકો માગ્યો ત્યારે નવલ તાતાએ (રતન તાતાના પિતા) તેમને સાવધાની રાખવા કહ્યું. તેમને ચિંતા હતી કે જાહેરમાં રાજાજીને (રાજગોપાલાચારીનું ઉપનામ) ટેકો આપવાથી નહેરુના રોષનો સામનો કરવો પડે. જે. આર. ડી. એ પૂરા બે મહિના વિચારવામાં કાઢ્યા. અને પછી એક ઝાટકે નિર્ણય લઈ લીધો કે ગમે તે થાય, સ્વતંત્ર પક્ષને ટેકો કરવો જ છે. તેમણે જાહેરમાં સ્વતંત્ર પક્ષને ટેકો આપવાનો નિર્ણય લીધો, બીજા ઉદ્યોગપતિઓની જેમ ચોરીછૂપીથી નહીં. સાથોસાથ સ્વંતત્ર પક્ષને જેટલું દાન આપ્યું, તેનાથી બમણું દાન કૉંગ્રેસને આપ્યું. જે કંઈ કર્યું તે છડેચોક કર્યું.

એટલું જ નહીં, પાછું નહેરુને પત્ર લખી જણાવ્યું પણ ખરું કે જુઓ, હું સ્વતંત્ર પક્ષને દાન આપી રહ્યો છું કારણકે સબળ વિપક્ષ હોવો જોઈએ. તેમને ખબર હતી કે આ પત્રથી (અથવા પત્ર ન લખ્યો હોત તો સ્વતંત્ર પક્ષને દાન આપ્યું છે તે જ્યારે જાણવા મળશે ત્યારે) નહેરુને મરચાં લાગશે જ. અને મરચાં લાગ્યાં જ.

નહેરુએ ખિજાઈને કહ્યું, ''યૂ હેવ નૉ બિઝનેસ ટૂ ડૂ ધેટ.'' અર્થાત્, (આ દાન આપીને તમે ખોટું કર્યું છે.)

જે. આર. ડી.એ ૧૬ ઑગસ્ટ ૧૯૬૧ના દિનાંકે લખેલા પત્રમાં કહ્યું, ''ઉત્તરદાયી અને સંગઠિત લોકતાંત્રિક વિપક્ષની અનુપસ્થિતિથી અમે ચિંતિત છીએ. રાષ્ટ્રીય હિતમાં એ અનિવાર્ય છે કે સામ્યવાદી પક્ષને સંસદમાં બીજા નંબરના સૌથી મોટા પક્ષ તરીકે વિસ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવે. આથી અમે એવા નિર્ણય પર આવ્યા છીએ કે કૉંગ્રેસને ફંડ આપવાની સાથે તેના કરતાં ઓછું ફંડ સ્વતંત્ર પક્ષને આપવામાં આવે.''

જે. આર. ડી.ની મક્કમતા અને પોતાના વધતા વિરોધને જોતાં નહેરુ ટાઢા પડી ગયા. ૧૮ ઑગસ્ટે નહેરુએ પત્ર લખ્યો, ''તમે સ્વતંત્ર પક્ષને મદદ કરવા માટે સ્વતંત્ર છો. પરંતુ તમારી મદદની કોઈ અસર થશે તેમ મને નથી લાગતું.''

૧૯૮૬માં આપેલી એક મુલાકાતમાં જે. આર. ડી. તાતાએ નહેરુ અને ઈન્દિરા ગાંધીએ તેમને 'મૂંગા મરવા'નું કહેવા માટે કેવા નમ્ર રસ્તાઓ શોધ્યા હતા તેની વાત કરી હતી. જે. આર. ડી.એ કહ્યું હતું કે નહેરુને જાણ હતી કે જે. આર. ડી. તેમની આર્થિક નીતિઓ સાથે સંમત નથી અને વિદેશી નીતિ સાથે પણ સંમત નથી. જે. આર. ડી. એ કહ્યું હતું કે ''તેમણે (નહેરુ) અને શ્રીમતી ગાંધીએ મને ચૂપ રહેવાનું કહેવા માટે નમ્ર રસ્તા શોધ્યા હતા. જ્યારે મેં તેમની (નહેરુની) આર્થિક નીતિઓ વિશે વાત કરવાનું શરૂ કર્યું ત્યારે નહેરુ પાછળ ફરી જતા કે પછી બારીની બહાર જોવા લાગતા. શ્રીમતી ગાંધી કંઈક બીજું કરતા.'' જ્યારે તેમને (જે. આર. ડી.)ને ઈન્ટરવ્યૂકારે પૂછ્યું કે ''બીજું શું?'' ત્યારે જે. આર. ડી.એ કહ્યું, ''તેઓ પરબીડિયાં ઉપાડતાં, તેમને કાપીને ખોલતાં અને અંદરથી પત્રો કાઢતાં. આ એક સંકેત હતો કે તેઓ આ વાતોથી કંટાળી ગયાં છે.''

> સ્વતંત્ર પક્ષને જે. આર. ડી.એ દાન આપ્યું તેનાથી નહેરુ ભડકી ગયા હતા. તેમણે કહ્યું, "આ દાન આપીને તમે ખોટું કર્યું છે." એટલું જ નહીં, જ્યારે નવલ તાતા ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે ઈન્દિરા ગાંધી ભડકી ગયાં હતાં.

જે. આર. ડી. નહેરુની સામ્યવાદી-સમાજવાદી નીતિ, રાષ્ટ્રીયકરણની નીતિના વિરોધી હતા. તેમણે ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ''જો સરદાર પટેલ દેશના વડા પ્રધાન બન્યા હોત તો દેશની આર્થિક નીતિ જુદી હોત.''

જે. આર. ડી. તાતા સામ્યવાદી પક્ષની નીતિ અને વિચારસરણીનાં જોખમો પણ જાણતા હતા. ઈ. સ. ૧૯૬૯માં દત્ત આયોગનો અહેવાલ આવ્યો કે પરવાના રાજથી સરકાર અને ઉદ્યોગ જગત વચ્ચે વિશ્વાસનું સ્તર ખૂબ જ ગબડ્યું છે. આવા સંજોગોમાં જે. આર. ડી. તાતાએ ઈન્દિરાજીને ગુપ્ત પત્ર લખી પોતાના મનની વાત જણાવી. અલબત્ત, ૧૮ માર્ચ ૧૯૭૨ના દિને લખાયેલા આ પત્ર વિશે તેમને કલ્પના નહોતી કે આ પત્ર વડાપ્રધાનના કાર્યાલયમાં બેઠેલા ડાબેરીઓ, ડાબેરી મીડિયામાં જાહેર કરી દેશે. તેમણે તો ઈન્દિરાજીની નીતિની ટીકા ખાનગીમાં કરી હતી. વૈશ્વિક ઑઈલ કટોકટીના પગલે દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં જે ચિંતાજનક ઘટાડો થયો હતો તેના પર તેમણે પોતાના મંતવ્યો આપ્યા હતા.

ઈન્દિરા ગાંધીએ બે મહિના પછી ઉત્તર આપ્યો અને તેમાં વિલંબ બદલ ક્ષમા પણ માગી. તેમના સૂચનો માટે આભાર માન્યો.

૧૯૭૧ની ચૂંટણી ભારે તોફાની હતી કારણકે તે પહેલાં કૉંગ્રેસમાં નીલમ સંજીવ રેડ્ડી, કે. કામરાજ, મોરારજી દેસાઈ વગેરે લોકોએ ભાગલા પાડ્યા હતા અને ઈન્દિરા ગાંધીને પક્ષમાંથી હાંકી કાઢ્યા હતા એટલે કોણ સબળ તેના પારખા થવાના હતા. આ ચૂંટણીમાં નવલ તાતા દક્ષિણ મુંબઈ બેઠક પરથી સ્વતંત્ર અભ્યર્થી (ઉમેદવાર) તરીકે ઊભા રહ્યા. જે. આર. ડી. વેપારને રાજકારણથી દૂર રાખવાના મતના હતા, પરંતુ નવલ તાતા ચૂંટણી લડીને સંસદમાં જવા માગતા હતા. તેમના આ નિર્ણયથી ઈન્દિરા ગાંધી ક્રોધિત થઈ ગયા. તેમણે જે. આર. ડી.ને તતડાવી નાખ્યા, ''તો ટાટા ગ્રૂપ પણ મારી સામે મોરચો ખોલવા માગે છે?''

આમ છતાં જ્યારે પણ નહેરુ કે ઈન્દિરા સરકારને જનતાના હિતમાં કે નીતિગત પ્રશ્ન પર આવશ્યકતા પડી ત્યારે તાતાના જે કોઈ વડા હતા તેમણે આગળ આવીને મદદ કરી છે.

નવલ તાતા ચૂંટણી લડ્યા તે પરથી એક પ્રશ્ન થાય કે વર્તમાન રાજકારણમાં પારસીઓ ક્યાં છે? પહેલાં પણ પારસીઓ રાજકારણથી દૂર હતા, પરંતુ તેમ છતાં મીનૂ મસાણી અને પીલૂ મોદી જેવા પારસીઓ રાજકારણમાં હતા, આજે તો પારસીઓનો સદંતર અભાવ જોવા મળે છે અને રાજદીપ સરદેસાઈ, બરખા દત્ત જેવા સેક્યુલરો ભાજપના અને તેમાંય નરેન્દ્ર મોદીના વડા પ્રધાન બન્યા પછી રાજકારણમાં મુસ્લિમો હાંસિયામાં ધકેલાઈ ગયા હોવાની ચિંતા છાશવારે (એટલે કે તેમની એકાદ ડીબેટ કે વીડિયોમાં) કરતાં હોય છે પરંતુ કોઈએ પારસીની ચિંતા નથી કરી. કદાચ, એટલા માટે કે આ લઘુમતી શાંત લઘુમતી છે. તેઓ અસ્તિત્વમાં છે તે પણ ઘણાને ખબર નહીં હોય એટલા બધા તેઓ દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે.

કોઈ દિવસ સરઘસ નહીં, કોઈ દિવસ માગણી નહીં, કોઈ દિવસ ચૂંટણી આવે એટલે સંમેલન કરી પોતાની માગણીઓ મૂકવાની નહીં અને જે માગણી સ્વીકારશે તેની સાથે અમે રહીશું તેવા રણટંકાર નહીં. બસ, શાંતિથી નોકરી કે ધંધા કર્યે જવાના. તાતા કે શાપુરજી-પાલનજી જેવાં વેપાર-ધંધા દ્વારા કે નોકરી દ્વારા કે પછી ફિલ્મો-નાટકોમાં અભિનય દ્વારા દેશના વિકાસમાં પોતાનું યથોચિત પ્રદાન આપી જવાનું, કોઈ નોંધ લે તોય ઠીક, ન લે તોય ઠીક.

કહેવાય છે કે મા પણ તેના શાંત દીકરાના બદલે કકળાટિયા દીકરાનું ધ્યાન વધુ રાખતી હોય છે. આવું થવું ન જોઈએ. જો આવો ચીલો રહે તો શાંત દીકરો પણ વિચારશે કે આપણે પણ કકળાટ કરવો પડશે તો જ આપણને જોઈતી વસ્તુ મળશે. આ જ રીતે રાજકારણીઓએ અને મીડિયાએ પણ બોલકા અને ઉગ્રતા તરફ વળતા સમાજની સાથે પારસી જેવા શાંત સમાજનું પણ ધ્યાન રાખવું ઘટે છે.

# મતદાન - પસંદગીનો નીરક્ષીર વિવેક

રાજકીય રસધાર
પ્રવીણ માધાણી




દેશ લોકશાહીનું મહાપર્વ ઉજવવા જઈ રહ્યો છે. વર્તમાન સરકારનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે અને લોકસભાની સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે. ચૂંટણી લડવા માંગતા દરેક રાજકીય પક્ષે પ્રજા પાસે નવેસરથી જનાદેશ લેવા જવાનો સમય નજીક આવી રહ્યો છે. બધા રાજકીય પક્ષો એડીચોટીનું જોર કરી રહ્યા છે. મતદાર પોતાની વિવેકબુદ્ધિથી રાજકીય પક્ષોની દરેક ગતિવિધિઓનું આકલન કરી રહ્યો છે. મેદાનોની સભાઓનું યુદ્ધ શરુ થઈ ગયું છે, સાથે સાથે બીજા ઘણા બધા માધ્યમો પર ચૂંટણીલક્ષી વાતાવરણ બની ચુક્યું છે અને ત્યાં ચૂંટણી લડાઈ રહી છે. સોશ્યલ મીડિયા પર એક અલગ જંગ ચાલી રહ્યો છે. તેનો વ્યાપ એટલો બહોળો છે કે દરેક પક્ષે એ ગંભીરતાથી લેવું પડે તેમ છે. એક ઝાટકે લાખો કરોડો લોકો આટલી ઝડપથી ક્યારેય જોડાઈ નહોતા શકતા. ત્યાં એક વર્ગ ઉછીના શબ્દો, ઉછીના વિચારો સાથે સોશ્યલ મીડિયાના માધ્યમ પર દોઢ જી.બી. રીચાર્જ સાથે હાજર છે, જે પોતાના કુતર્ક થકી કોઈપણને આરોપીના પાંજરામાં ઉભો કરી કરી શકે છે. જેના માનસમાંથી એક બજારુ નિંદારસ સતત ઝરી રહ્યો છે, જેના પગ ધરતીને અડક્યા નથી એવા દુરી તીરી કક્ષાના માણસો પોતાની રોટી રોજી પેદા કરવા કે પોતાના આકાઓની રહેમનઝર મેળવવા અહિયાં સક્રિય છે. આ વર્ગ દરેક પક્ષમાં છે. જે વર્ગ કોઈ પક્ષ સાથે સીધો નથી જોડાયેલો એ પણ કોઈના વિરોધ કે સમર્થન માટે જંગમાં છે. તેની માનસિક અવસ્થા જાગતિક આત્મઘાતની સ્થિતિમાં છે. એ સામેના કોઈપણ સત્યને સ્વીકારી શકે તેમ નથી. આ સ્થિતિ યુદ્ધની છે, જેમાં સામેના પક્ષનું સત્ય સ્વીકારવાનું હોતું નથી. એ સત્યના તલવારના એક ઝાટકે બે કટકા કરવાના હોય છે, ત્યારબાદ જે વધે છે એ વિજેતાનું સત્ય હોય છે અને એ જ આખરી સત્ય બની રહે છે. પણ લોકશાહીની ચૂંટણીમાં છેક તેમ નથી હોતું. લોકશાહીમાં આખરી સત્ય મતપેટીમાંથી બહાર આવે છે. એ સત્ય દરેકે સ્વીકારવું પડે છે. આજે ગામડાની જનતા રાષ્ટ્રીય મુદ્દાઓ ચર્ચતી થઈ ગઈ છે. પ્રિન્ટ અને વિજાણું માધ્યમથી લોકશાહી તમારા દીવાનખંડ અને ખેતરના શેઢે પહોચી ગઈ છે.

જુના સમયમાં પ્રજાના આવડા મોટા વર્ગનું ચૂંટણી કે રાજકારણ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ જોડાણ ક્યારેય નહોતું. કોઈ મુદ્દે લાખો લોકો સમર્થન કે વિરોધમાં ઉતરી શકે એવી સ્થિતિ છે. પહેલા પ્રચાર પ્રસારના માધ્યમો આટલા વ્યાપક, ઝડપી અને સબળ નહોતા. પોતાની વાતને પહોચાડવા પક્ષ કે નેતાઓને એક વખત મતદારની રૂબરૂ જરૂર આવવું પડતું. નેતાની એક માત્ર સભા ગામના ચોરે થતી. મતદાર પણ એટલો જાગૃત અને શિક્ષિત નહોતો, ડેલીએ બેઠેલો તેનો આગેવાન કહે એને મત આપી દેવાનો રહેતો. નેતાઓ આવા ડેલી આગેવાન અને જ્ઞાતિ જાતિના સમીકરણો પર જીતી જવા નિશ્ચિત રહી શકતા. ધીમે ધીમે પ્રજા જાગૃતિનો સમય શરુ થયો, જનતામાં શિક્ષણનું પ્રમાણ વધ્યું, માણસની વૈચારિક પરાવલંબતા ખતમ થતી ગઈ. શૈક્ષણિક અને સામાજિક જાગૃતિએ પ્રજાને જાહેર જીવનના મુદ્દાઓની મુલવણીનો દૃષ્ટિકોણ આપ્યો. આ દ્રષ્ટિકોણે ધીમે ધીમે રાષ્ટ્રવાદને પોષણ આપ્યું. પોતાના અને રાષ્ટ્રના ભવિષ્યનું સાયુજ્ય સાધીને શાસકની પસંદગીનું નીરક્ષીર કરતો થઈ ગયો છે. એક ખાસ્સો મોટો વર્ગ ઉભો થઇ ગયો કે જેને પ્રલોભન કે જ્ઞાતિ જાતિના બ્લેકમેઈલિંગ દ્વારા મત આપવા આકર્ષી કે ઉશ્કેરી શકાતો નથી. નેતાઓ પાસે કામ કરી બતાવવા સિવાય વિકલ્પ ન બચ્યો. આ લોકશાહીની પરિપકવતા છે. પરંતુ પ્રચાર પ્રસારના ઝડપી અને વ્યાપક માધ્યમો ઉમેરતા પક્ષો અને પક્ષોની વિચારધારામાં માનતા માણસો કે એ માણસોમાં માનતા માણસો વચ્ચે રાજકીય કટ્ટરતા વધતી ચાલી છે. દરેક પક્ષમાં રહેલા એક ખુબ નાના અને છીછરા વર્ગ દ્વારા આવા સમયે સંવાદિતા ખોરવવા પ્રયત્ન થાય છે, વાતાવરણ કલુષિત કરવાનો પ્રયત્ન થાય છે, પરંતુ આ દેશની પાકટ લોકશાહી છે, એણે શિખરનો બોધ અને તળેટીની અંધારી ગલીનો તર્ક પણ જોયેલો છે. પ્રજામતની તાકાતે સત્તાના ઘમંડને મતની એક ચબરખી નાખીને ચુર કરેલ છે. પોતાના હૃદય સમ્રાટોને એણે ખોબલે ખોબલે મત આપીને સત્તાના સિંહાસને વર્ષો સુધી બેસાડ્યા છે. આજે દેશની લોકશાહીના ચહેરા પર બુદ્ધના ચહેરા જેવા નિગૂઢ સ્મિતના ભાવ અંકિત છે, મહાવીરનું સ્થિર ચિત છે, ગાંધીના મૂલ્યો છે અને સરદાર જેવું લોખંડી પૌરુષત્વ પડેલું છે.

હંસ પાસે નીરક્ષીર વિવેક છે. મતદાનમાં પ્રજાનો નીરક્ષીર વિવેક હોવો જરૂરી છે. જે પસંદગી છે તે કોઈ વ્યક્તિગત નથી, મત કે અભિપ્રાય વ્યક્તિગત હોઈ શકે છે, મતદાનનો અર્થ વ્યાપક છે. એ પસંદગી એક ખુબ મોટા વર્ગ માટે થઈ રહી છે. વ્યક્તિગત હિત સાથે સમષ્ટિનું હિત સાધીને પસંદગી કરવાના નીરક્ષીર વિવેકની કસોટીનું નામ ચૂંટણી છે.

ક્વિક નોટ -- "રાજ્ય પ્રજા માટે છે, પ્રજા રાજ્ય માટે નથી. દરેક નાગરિક પાસે રાજ્યની એક અપેક્ષા હોય છે કે એનું સ્વાતંત્ર્ય સર્જનાત્મક ધ્યેય માટે વપરાશે, વ્યકિત અને સમાજના ઉત્કર્ષ માટે. સ્વતંત્રતાનું એક અવશ્યંભાવી સત્ય એ છે કે વ્યક્તિગત સ્વાતંત્ર્ય નામની કોઈ વસ્તુ નથી. આપણે બધા સાથે જ સ્વતંત્ર રહી શકીશું. જયારે વ્યક્તિઓ માત્ર પોતાના અધિકારો જ માગતી રહેશે અને જવાબદારીઓ બીજા પર ઢોળી નાખતી રહેશે ત્યારે સ્વાત્રંત્ર્ય ટકી નહિ શકે......" -- રોમન હરઝોગ -- ભૂતપૂર્વ જર્મન રાષ્ટ્રપતિ.

"લોકો પાણી જેવા છે, અને શાસક હોડી છે. પાણી હોડીને તરાવે છે કાં તો ઉંધી કરી નાખે છે." -- લિ-શિમીન (એક ચીની સમ્રાટ.) ■

# વડાપ્રધાન બનાય કે?

હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) આ સમય કેમ આટલો જલદી ભાગે છે ?
પૂજા પ્રભુદાસ ગોંડલીયા (જસદણ)
ઘડિયાળમાં સેલ નવો નાખ્યો હશે!

(૨) સપનામાં તમે હસતાંહસતાં ખાટલેથી નીચે પડી ગયા છો ક્યારેય?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલીયા મોટા)
ના પણ એક વખત જમીન પર સૂતો હતો ત્યારે સપનામાં હસતા હસતા ખાટલા પર જઈને સૂઈ ગયો હતો!

(૩) વડાપ્રધાન બનાય કે? તમારું શું કહેવું છે?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
આવું તમારે કોઈ વડાપ્રધાનને પૂછવું જોઈએ.

(૪) "બાર વર્ષે બાવો બોલ્યો" એવી કહેવત છે તો પછી બાવો બાર વર્ષે જ કેમ બોલતો હશે?
યોગેશભાઈ આર જોશી (હાલોલ: જિ.પંચમહાલ)
આ વખતે બોલે એટલે ડાયરેક્ટ એને જ પૂછી લેજો!

(૫) ઠંડીને ગુલાબી ઠંડી કહેવાય છે તો ગરમીને શું કહેવાય?
રતિલાલ ઝિઝુવાડીયા (લીલીયા)
અમારે તો આ બાજુ 'ભૂકા કાઢી નાખે એવી ગરમી' એમ કહે છે.

(૬) તમે ક્યારેય ભૂત જોયું?
પરમાર સુભાષ ઘનશ્યામભાઈ (મોટાલીલીયા)
ભૂતને પણ ખબર છે કે મે ક્યારેય ભૂત જોયું નથી.

(૭) અમારી બેબી પહેલા ધોરણમાં ભણે છે. તેના ટીચરે ગાંધીજીનો ફોટો લાવવાનું કહ્યું. તો તેણે ૫૦૦ની નોટમાંથી ગાંધીજીનો ફોટો કાપી લીધો! શું કરવું?
કનુભાઈ પરમાર (દામનગર)
બીજી ૫૦૦ની નોટમાંથી ફોટો કાપી પેલી નોટમાં લગાવી દો. બાય ધ વે, આમાં ટીચર નિર્દોષ લાગે છે એટલે એને કાઈ ન કહેતા!

(૮) પ્રથમવાર દૂધ મેળવનાર મેળવણ ક્યાંથી લાવ્યા હશે?
સંજયભાઈ જોશી (બાબરા)
આ પ્રશ્ન અગાઉ કોઈકે પૂછ્યો હતો અને એનો મેં જવાબ આપી દીધો છે એટલે જૂના જવાબો ફરીવાર વાંચી લેજો.

(૯) ઉનાળાની ભરબપોરની પરીક્ષા વિશે શું કહેશો ?
નિતુલ દિનેશભાઈ ડાભી (બાબરા)
પરીક્ષા આપનાર માટે લાભદાયી સમય ગણાય. કેમ કે આ સમયે સુપરવાઈઝરને ઝોલા આવવાની શક્યતા વધારે હોય છે.

(૧૦) દરેક પુરુષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે તો તમારી સફળતા પાછળ?
સરદરખાન મલેક (મહેસાણા)
આભાર તમે મને સફળ પુરુષ તરીકે સ્વીકાર્યો એ બદલ!

(૧૧) સૌથી વધુ કડવું શું?
વૈશાલી જે. ઈસામલિયા (દામનગર)
ચાખીને કહું.

(૧૨) તમને વેકેશનમાં ક્યાં જવું ગમે?
વિપુલકુમાર મહેતા (રાજકોટ)
ઘેર.

(૧૩) તમે બધાના સવાલના જવાબ આપો છો પણ તમને ક્યારેય કોઈ સવાલ થાય?
સંગીતા ધોરાજિયા (આણંદ)
મને ઘણાં સવાલ થાય પણ પૂછતાં બીક લાગે!

(૧૪) વિદ્યાર્થીને આખી શાળામાંથી એક શિક્ષક જ કેમ પ્રિય હોય છે?
દીપમાલાબેન હરિયાણી (ખાંભા)
અત્યારે સારો સમય આવ્યો છે, એક તો પ્રિય છે. અમે ભણતા ત્યારે તો એક પણ નહોતા!

(૧૫) તડકો ફક્ત માણસને જ લાગતો હશે કે પશુપંખીને પણ લાગતો હશે ?
મુસ્તુફા કનોજિયા (રાજુલા)
મે એકવખત તડકામાં એક ગધેડો ઝાડ નીચે ઊભેલો જોયો હતો! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# હું કંઈ જલદી મૃત્યુ પામીશ નહિ - આ ઘોર અજ્ઞાન છે

મૃત્યુની સભાનતાના પક્ષધરો બહુ છે અને એને જિદથી વિસ્મૃત કરનારા પણ છે. સામાન્ય મનુષ્ય જેમાં આપણે સહુ આવી જઈએ છીએ એને માટે તો મૃત્યુની સંભાવના સાવ ભૂલાઈ જવી સ્વાભાવિક છે. અંતઘડી પર કોઈનો અંકુશ નથી. આ એક વેન્ટિલેટરલ વાસ્તવિકતા છે. ટેકાથી આત્માનો મોભ બહુ ટકતો નથી. માણસજાતે મૃત્યુ અને મેડિસિનની એટલી ભેળસેળ કરી મૂકી છે કે જળદુગ્ધ વિચ્છેદ અશક્ય છે. આપણે 'છીએ' એમ માનીને ઘણુંક કરીએ છીએ તો કાલે સવારે 'નથી' એમ માનીનેય થોડુંક કરવું જોઈએ. આપણને જે નિકટજનોના ચિરવિદાયના સમાચાર મળે છે એમાંના કોઈ કોઈ એવા સ્વજનો હોય છે જેમને કંઈક કહેવાનું બાકી રહી ગયું હોય. કોરોનાકાળમાં આવા સંખ્યાબંધ કરૂણાન્ત કિસ્સાઓ સપાટી પર આવ્યા હતા અને સમાજ માટે એ એક વિષાદયોગ છે. એમાંથી બોધપાઠ લેવો એ બાકીના હયાત લોકોની ઈચ્છાની વાત છે!



આમ જુઓ તો બધાને તો ક્યાં આપણે હળીમળી શકીએ છીએ? કેટલાક અંતરંગ મિત્રો હોવા છતાં એ ખબર હોય છે કે હવે આ ભવમાં એમને મળવાનું થશે નહિ. કેટલાક વિદ્યાર્થીઓ કે જેમની આંખની ચમક જોઈને શિક્ષકો ઉત્સાહથી વિદ્યાવ્યાસંગ કરતા હોય એ કંઈ શાળાઓમાં પાછા ફરવાના હોતા નથી. અરે ઓફિસમાં નોકરીના વરસોમાં પણ જે સખાઓના ગમતા ગમ્મતવદન હતા તે પણ ફરી જોવા મળવાના ન હોય. વતનમાં જ સ્થાયી થનારા મિત્રો ઢળતી સંધ્યાએ પણ સાથે ઓટલે બેઠા જોવા મળે છે પરંતુ વ્યાવસાયિક કારણોસર વિખૂટા પડેલા મિત્રોને તો ચિરવિદાયના માત્ર વાવડ મળે છે અને ત્યારે હૃદય એક ધબકારો ચૂકી જાય છે.

જે સંબંધમાં બન્ને પક્ષધરોએ માની લીધું છે કે હવે ભેટો થવાનો નથી તો એમાં મૃત્યુ પ્રવેશી જાય છે. અને જેમાં બન્નેને આશા છે કે કદાચ હજુ ક્યારેક ઝાંખી થઈ જાય તો થઈ જાય... એમાં જિંદગી ધબકતી હોય છે. યુધિષ્ઠિર જેવા રાજવીએ જો યક્ષને એમ કહ્યું હોય કે બીજાઓને મૃત્યુ પામતા જોતો હોવા છતાં દરેક મનુષ્ય એમ માને છે કે હું તો મૃત્યુ પામવાનો નથી તો - એમાં આ જગતના સર્વકાલીન અજ્ઞાનનો હિસાબ આવી જાય છે. માણસજાતને વહાલું લાગતું આ અજ્ઞાન છે. ડેથ એક જમાનામાં દૈવી વિષય હતો. પછી વિજ્ઞાને એને હાથમાં લીધો. આજે ડેથ એક મેનેજમેન્ટનો વિષય છે.

મૃત્યુની ડિઝાઈન ઐચ્છિક નથી હોતી. પરંતુ મરણોત્તર ડિઝાઈન હોય છે. એટલે કે સંબંધિત જાતકે પોતાની કાયમી અનુપસ્થિતિમાં પરિવાર વિશે જે કંઈ આયોજન કર્યું હોય એ એક ડિઝાઈન જ છે. કરકસરિયાઓ, લોભવૃત્તિની પ્રબળતા ભોગવનારાઓ, નિર્વ્યસનીઓ, ઉદ્યમી મહાપુરુષો અને સત્સંગી પ્રકૃતિ ધરાવનારાઓ પોતાની પાછળ નોંધપાત્ર વારસો મૂકતા જાય છે. આ યુગમાં સંસ્કારને જ ખરેખર તો વારસો ગણવો જોઈએ.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

વારસો મૂકવો જરૂરી છે કે નહિ એ વિશે મતમતાંતર છે. પશ્ચિમના દેશોમાં સામાન્ય જનજીવનમાં હવે વારસાની વાત જ અપ્રસ્તુત છે. આપણે ત્યાં સંપત્તિ સર્જનનો મહિમા છે. એક સંસ્કૃત સુભાષિતનો અર્થ છે કે ગમે તેટલો વિશાળ વારસો હશે પણ કુપુત્ર હશે તો ઉડાડી દેશે અને વારસામાં કંઈ નહિ હોય તોય સુપુત્ર હશે તે મહાલયો ઊભા કરશે. માટે બુદ્ધિમાન પુરુષે વારસાઈ સર્જનમાં જીવન વ્યતીત ન કરવું. પરંતુ સંતાનોના સંસ્કાર અને વિદ્યામાં જ સમય આપવો. કારણ કે જ્ઞાન આવ્યા પછી પણ અપલક્ષણો જતા રહેતા નથી. મૃત્યુ વિશે મનુષ્યને સભાન કરવા માટે ધર્મપુરુષોએ પણ બહુ વાતો કરી છે. કઠોપનિષદ સિવાય તો બધે જ મૃત્યુનો ભય બતાવવામાં આવ્યો છે.

કુદરતને જોઈ લેવાની જરૂર છે. મૃત્યુનો વિચાર જ અકુદરતી છે. પશુઓ, પંખીઓ, જંતુઓની વિરાટ જીવસૃષ્ટિમાં મનુષ્ય સિવાય કોઈનામાં મૃત્યુચિંતન નથી. જીવન અને મૃત્યુ એ બન્નેમાં કુદરતે મેગ્નેટિક ફિલ્ડ જીવનમાં જ રાખ્યું છે. હર હાલતમાં જીવ જીવન તરફ જ ખેંચાય છે. એક પતંગિયું જુઓ... એ તો અમરપદ લઈને આવ્યું હોય એમ ફૂલો પર ઉડે છે. એક જ આયુષ્યમાં એ લાખો ફૂલોનો મધુરસ ચાખવા ચાહે છે. એને ખબર જ નથી કે એની હયાતી કેટલી અલ્પકાલિક છે. એને કારણે પ્રફુલ્લિત થઈ ઉડાઉડ કરે છે. મનુષ્યને પણ કુદરતના સિદ્ધાન્ત પ્રમાણે તો મૃત્યુની તમા જ ન હોવી જોઈએ. જે છે અને જ્યાં સુધી છે તે માત્ર જિંદગી છે.

તમે અજવાળામાં ઊભા રહીને અંધારાની વાતો કરો ત્યારે કેટલા મૂર્ખ લાગો છો એ વાત ધર્મગુરુઓને સમજાવવાની જરૂર છે. તેમણે જિંદગી સિવાયની કોઈ વાત કરવાની જ ન હોય. પરંતુ આપણે ત્યાં તો એક સારો ધર્મગુરુ, એક સારો એલઆઈસી એજન્ટ પણ હોય છે. મૃત્યુનો ભય તેઓ કલાકૌશલયુક્ત વાણીથી બતાવી જાણે છે. થોડુંક તો અન્ડરવર્લ્ડના ડોન જેવું આ કામ છે. ક્યારેક કોઈ ડૉક્ટર પણ આ લાઈનમાં દેખાય છે. મૃત્યુ એક ગમનબિંદુ છે. એમાં બહુ એડવાન્સ ધ્યાન આપવાનો શો અર્થ છે? અંતવેળાએ મૃત્યુચિંતન કંઈ કામમાં ન આવે. જિંદગી સિવાયની વાત જ ફોગટ છે. દરેક ક્ષણમાં ભરપુર જીવન જીવવું એ સિવાય મનુષ્ય મૃત્યુ વિશે નિરુપાય છે. મૃત્યુને વિજ્ઞાન થોડું પાછું ઠેલી આપે છે પણ જિંદગી બદલાઈ જાય છે. અસલ જેવી મઝા નથી. આરોગ્ય અને ધન બેયના આસન ઊંચા છે. અનારોગ્ય સાવ આકસ્મિક તો ભાગ્યે જ હોય છે, એ પણ વ્યક્તિગત બેદરકારીનો નિર્ણય હોય છે.

કેટલાક વિચારકોએ સ્પષ્ટ કહ્યું છે કે કોઈને પણ બીજો જન્મ મળવાનો નથી. આ વખતનો એન્ડ જ ધિ એન્ડ છે. ઈતિ સિદ્ધમ્ અથવા એવમ્ પંચ તત્ત્વમ્ ગતઃ.....! કાલે એટલે કે દૂરના ભવિષ્યમાં આપણે નહિ હોઈએ એ નક્કી છે, પરંતુ આજે છીએ એનું શું ? છીએ એના જ ગીત ગાવા જેવા છે. નરસૈંયો જાદવાને જગાડતી વખતે કહે છે કે ત્રણસો ને સાંઈઠ ગોવાળિયા ટોળે વળ્યા, વડો રે ગોવાળિયો ( તારા વિના ) કોણ થાશે....? પોતાના આખા વરસના એકેએક ત્રણસો ને સાંઈઠ દિવસને ગોવાળ બનાવીને ભક્તકવિએ કૃષ્ણના વડપણ હેઠળ મૂકી દીધા છે. પોતાનો વર્તમાન વિસ્તારીને કૃષ્ણાજ્ઞામાં મૂકી દીધો છે. જે છેડે શેરડી મીઠી છે એનો જ આસ્વાદ લેતા રહેવાનો છે, બીજે છેડે જવાની જરૂર જ ક્યાં છે ? આસ્વાદ લેતા લેતા આપોઆપ બીજો છેડો આવે ત્યારની વાત ત્યારે. ■

# જ્યોતિનું તો રૂપ જ એવું કે બધા અંજાઇ જાય !




"એ છોકરી દેખાવે કેવી છે."

"અરે યાર ! તું તો વિચાર જ કેવા કરે છે છોકરીનું નામ લીધું ત્યાં તો...,

હવે સાંભળી લે : જ્યોતિ શિક્ષિકા છે. હમણાં તેને નોકરી મળી. હું જે સ્કૂલમાં નોકરી કરૂં છું એ જ સ્કૂલમાં તે નોકરી કરે છે. હજી તો ત્રણ - ચાર દિવસ તેને નોકરીના થયા. થોડી દૂરથી આવી છે. આજે રજા લઈને તે તેના વતનમાં ગઈ. બસ તેને બસ સુધી હું મૂકવા આવેલો હવે છે કંઇ..." દામલે કહ્યું.

"તે ખૂબ સારૂં કામ કર્યું. જુવાન છોકરીને અહીં સુધી મૂકવા આવવાનો મોકો તો તને મળ્યો. પણ એ તો કહે, જ્યોતિ દેખાવે કેવી છે ?"

"રણમલ..., તું તો સાવ એવો જ રહ્યો. હું કંઇ તારી જેમ છોકરીઓ પાછળ પગરખાં ઘસતો નથી, કે પછી પાગલ પણ નથી થતો. આ તો માનવતાની રાહે એકલી - અટૂલી અજાણી છોકરી બીજે ક્યાંય રહે તે મારી બાને પસંદ ન હતું એટલે જ્યોતિ મારા મકાનના એક રૂમમાં રહેવા માટે તૈયાર થઈ. એના માટે અજાણ્યા ગામમાં બીજે કયાંય રહેવું તેના કરતાં આ જાણીતા અને નોકરી કરતા એવા કુટુંબ સાથે રહેવા તે તૈયાર થઈ. આમાં બાનો પૂરપૂરો સાથ - સહકાર હતો બાકી તારી જેમ હું કંઇ..." દામલ ઘણું બધું બોલ્યો. એટલે રણમલ પણ કંઈ જેમ - તેમ નહોતો તેણે પણ દામલને સંભળાવ્યું.

"રહેવા દે... રહેવા દે..., હું તને નાનપણથી ઓળખું છું. સ્વામી વિવેકાનંદ જેવા સિધ્ધાંતો તું તારી પાસે રાખવાનો ઢોંગ કર મો... તું સ્વભાવે ખૂબ શરમાળ છે એટલું જ બાકી તો તું પણ..."

"સાવ તારા જેવો તો હું નથી જ, સમજ્યો ? હા, નમણી અને રૂપાળી તેમજ તેજીલી છોકરી મને પણ ખૂબ ખૂબ ગમે છે. જો આવી છોકરી મારી સામે થોડીવાર ઉભી રહે તો....તો.... તેના સૌંદર્યને જોઇ એકાદ ગઝલ પણ હું લખી શકુ તેમ છું. પરંતુ આ તો... જ્યોતિ છે જ્યોતિ, આશકા..."

"ચાલ હવે આવી બધી ફિલસૂફીની વાત પડતી મૂક.. સાચે જ એ કહે કે, તને જ્યોતિ ગમી કે નહીં ? મુદ્દાની વાત કર..."

"હા... દોસ્ત!" શરમાતા શરમાતા નીચે જોઇ દામલ બોલ્યો : " જ્યોતિ મને અતિશય ગમે છે. તેના રૂપાળા ચહેરાને જોતા હું ધરાતો જ નથી. પરંતુ એ સાવલિયા એટલે કે પટેલ છે અને હું એક બ્રાહ્મણનો દીકરો છું..."

"આવી જ્ઞાતિની વાત આજના યુગમાં છોડી દે. આવું બધું વિચારીશ તો... જીવનભર વાંઢો રહીશ, સમજ્યો ? એ પટેલ હોય તો શું થયું ? એની ઈચ્છા હોય તો લવમેરેજ કરી લે. કોર્ટ પણ મંજૂરી આપે છે. પછી, આગે આગે દેખા જાયેગા..."

"એવું ન બોલ, રણમલ મારે તો બધી વાતે વિચાર કરવો પડે. બાપુ તો છે નહીં બાનું ધ્યાન પણ મારે જ રાખવાનું છે. વળી જ્યોતિની ઇચ્છાનો પણ વિચાર કરવો રહ્યો. તેની ઈચ્છા શું છે... તે પહેલા જાણવું પડે એમ ને એમ કંઇ..."

"જેવી તારી ઈચ્છા દોસ્ત ! અત્યારે મારે એક કામ માટે ખૂબ ઉતાવળ છે. તને છોડીને જવું પડે તેમ છે સાંભળ : રજા..., રવિવારે તો તારે રજા જ હોય છે. આપણે રવિવારે ખોડિયાર ડેમે ફરવા જઇશું. ઢગલાબંધ વાતો કરીશું અત્યારે થોડી ઉતાવળમાં છું એટલે જઉ છું. રવિવારે મળીએ..."

"તું જા...જા... રણમલ... તારૂં કામ પતાવ રવિવારે મળીશું..."

આમ, બાળપણ સખા આટલી વાત કરી અલગ થયા. રણમલ ચાલ્યો ગયો એટલે દામજી હવે પોતાના ઘરના રસ્તે ચડયો. જ્યારે એ ઘરે પહોંચ્યો ત્યારે સંધ્યા થઇ ચૂકી હતી. હવે ધીમે ધીમે અંધકારનું સામ્રાજ્ય ફેલાવા લાગ્યું હતું.

દામજીએ ડેલીમાં પગ મૂક્યો એ સાથે જ ઓસરીની કોરે બેઠેલા બાએ તરત પૂછયું : "બસમાં બેસવાની જગ્યા તો મળીને ?"

"હા..." દામલે નમ્ર અવાજે કહ્યું : "આરામથી જગ્યા મળી ગઇ. બસમાં ઘણી સીટ ખાલી જ હતી. આજે ભીડ ન હતી."

"સારૂં થયું, હવે તો તે નિરાંતે તેના ગામ પહોંચી જશે. અને હા, અત્યારે ખાવાનું શું બનાવું ?"

"આજે મને જરા પણ ભૂખ નથી બા, ખાલી ભાખરી જ બનાવજે દૂધ સાથે હું ભાખરી જમી લઇશ."

"કેમ...? આજે તને ભૂખ કેમ નથી ?"

"એવું નથી, પણ આજે પેટ ભરેલું હોય તેવું મને લાગે છે."


"સારૂં... બસ! ભાખરી બનાવી દઇશ હજી તો તારે ગામમાં આંટો મારવા જવું છે ને ?"

"ના...બા, આજે આંટો મારવાનો મૂડ જ નથી. મારા રૂમમાં બેસી હું થોડું વાંચીશ અને લખીશ..."

રોજના નિયમ પ્રમાણે શાળાએથી આવ્યા પછી તરત જ ઘરમાંથી બહાર નીકળી ગામમાં લટાર મારવા જતો દીકરો આજે ઘરમાં બેસી રહેવા તૈયાર થયો હતો. એટલે તો સમજુબાના વિચારો આમ - તેમ તરડાયા એ સાથે જ તેની સમજણ પ્રમાણે તેમના વિચારો ફરી ફરીને જ્યોતિ પ્રત્યે.... સાવધાન થવા લાગ્યા ખુશ ખુશ થતાં તેઓ વિચારવા લાગ્યા :

જો જ્યોતિને મારો દામો ગમતો હોય તો હું અબીલ - ગુલાલ ઉડાડવા માટે તૈયાર જ બેઠી છું જ્યોતિ તો રૂપાળી અને ખૂબ જ નમણી છે. નમણી નાગરવેલ જેવી નારી નરને તો ખૂબ જ ગમે પરંતુ એવી નારી બીજી નારીઓને પણ અતિ વહાલી લાગતી હોય છે. ત્યારે જ્યોતિનું તો રૂપ જ એવું કે બધા અંજાઇ જાય ! એની દેહયષ્ઠિ કોઇ શિલ્પીની કલાકૃતિ જેવી હતી. હા, ત્રણ - ચાર દિવસના સહવાસથી તો તેણે મારા આ ઘરને સ્વર્ગ જેવું બનાવી દીધું.

હા, મારા દીકરાને તો હું સારી રીતે ઓળખું છું. મે તેને જન્મ આપ્યો છે. દામો ખૂબ



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

જ શરમાળ છે. પરંતુ જ્યોતિને તો તે મનોમન ચાહતો હોય તેવું મને દેખાઈ રહ્યું છે. અને આમાં ખોટું પણ શું ? જુવાન એવા દીકરાને જુવાન અને રૂપાળી કન્યા ગમે જ. વળી સાથે ને સાથે એક જ સ્કૂલમાં નોકરી કરવાની. દામાને આ જ્યોતિ પસંદ હોય અને જ્યોતિને દામો પસંદ પડી જાય તો પછી મારો કાનુડો સાથ આપશે જ ! હું ભલે જુના જમાનાની રહી પણ આ બંનેનો મેળાપ થતો હોય તો હું મારા બંને હાથે હજારવાર ઓવારણા લઇશ. પરંતુ... આ બંનેમાંથી કોઇ એક જરા અમસ્તો ઈશારો કરે તો પછી વાતને આગળ હું વધારી શકું નહીં તો પછી...

આમ ... આવી તો અનેક વિચારોની હારમાળા બાની આંખો સામેથી ઝડપથી પસાર થવા લાગી ત્યારે દામો તો તેના રૂમમાં ભરાયો હતો. અત્યારે તે શું કરતો હશે ? લખતો હશે કે પછી વાંચતો હશે ? એમ વિચારતા વિચારતા બા...દામાના રૂમ તરફ ચાલવા લાગ્યા. (ક્રમશઃ) ■

# એમ કહેતા પેલો મેસેજ ડિલીટ કરી નાખ્યો

"ભાભી, ભાભી... ચાલો આજ તમને ટોય ટ્રેનમાં સફરનો આનંદ કરાવું."

"ભાભી, ચાલો આજ આપણે પલગાર્ડન બાજુ જઈએ. ત્યાં હોર્સ રાઈડીંગમાં તમને ખૂબ મજા આવશે..."

"ભાભી તમે ફૂફરી ગયા છો ? અરે, હું જ બુધ્ધુ છું. તમે આવ્યા




છો જ સીમલા પહેલીવાર, તો એ બધો પહાડી ઈલાકો તો કયાંથી જોયો હોય ? ચાલો, આપણે એ બાજુ ફરી આવીએ..."

ભાભી, તમે પાઈન ટ્રીનો તો નજારો એકવાર જુઓ, અરે એડવેન્ચર પાર્કમાં જશો તો ગાંડા થઈ જશો..."

સીમા આનંદ સામે જોઈને મીઠું મીઠું હસી પડી... અદ્‌લોદ્‌લ સીમલાની લાવણ્યવંતી સૃષ્ટિ જેવું જ ! અને આનંદ તેનો હાથ પકડીને સીમલાની ગ્રીન ગલીઓમાં ફેરવવા બેતાબ હતો. લગ્નનાં આટલા સમય પછી સીમા ઉછળતા, કૂદતા અને નર્તન કરતા ઝરણા શી ઝંકૃત થઈ ખુશ થઈ ઉઠી હતી. નિકેત, સીમાના બદલાયેલા આ રૂપથી ખુશ થયો હતો અને રાજી રાજી થયો હતો નહીંતર તો લગ્ન થયા તેને આ માર્ચમાં એક વર્ષ પુરૂં થવા આવશે પણ સીમાના ચહેરા ઉપર હંમેશા ઉદાસી છવાયેલી જોવા મળતી હતી. એ ઉદાસીનું કારણ શોધવાની ખૂબ મથામણ કરી હતી પણ એ ઉદાસી વિખાઇ નહોતી એટલે તેણે સાથે જોબ કરતી તેની દોસ્ત અનિતાને પૂછયું હતું. અનિતાએ તેને સૂઝાવ આપ્યો હતો કે "તમે લોકો તમારા મેરેજ પછી કયાંય બહાર ફરવા ગયા નથી એટલે તારે તેને કયાંક લઈ જવી જોઈએ." એ પછી નિકેત તેને સીમલા લઇ આવ્યો હતો. પણ સીમલા આવ્યા એનેય બે દિવસ થઇ ગયા હતા પણ સીમાના ચહેરા ઉપરની ઉદાસીમાં કશો જ ફેરફાર થયો નહોતો. અંતે નિકેત થાકયો હતો. ઓફિસે બોસની ઉપરવટ થઈને તેણે રજા માંગી હતી પણ અત્યારે માર્ચ એન્ડિંગની કામગીરી હોવાથી તેના બોસે રજા નામંજૂર કરી હોવા છતાં તે જોબની પરવાહ કર્યા વગર નીકળ્યો હતો. જોકે અનિતાએ તેને કહ્યું હતું કે "બને એટલું હું સંભાળી લઈશ પણ તું જા અત્યારે ફરવાની મોસમ છે, પછી શિયાળામાં કયાંય જઈ શકીશ નહીં."

અને એ અનિતાના વચન ઉપર વિશ્વાસ રાખીને સીમાને લઈને નીકળી ગયો હતો પણ સીમલાની સૃષ્ટિ હજી તેને આકર્ષી શકી નહોતી એ બહાર જતી પણ જાણે યંત્રવત એક પથ્થરની મૂર્તિ સાથે ફરવા નીકળી હોય એ રીતથી નિકેત સાથે નીકળતી.

કોઇ વાત નહીં, કોઇ ચીત નહીં બસ, 'હા', 'ના', 'હંમ' જેવા શબ્દોની આપલે જ આ ન્યૂલી મેરિડ કપલ વચ્ચે થતી હતી. અંતે નિકેતને ઓફિસ યાદ આવી તેણે અનિતાને પોતાના યા પછીની પરિસ્થિતિ વિષે પૃચ્છા કરી તો બોસ રોષે ભરાયેલા હતા. છતાં અનિતાએ કહ્યું : ' તું અહીંની ચિંતા ન કર, ત્યાંનું સંભાળ હા, મારે જે કંઈ ગાઇડન્સ જોઇએ તે પૂરૂં પાડ એટલે તારૂં ય કામ થાય અને મારૂંય કામ થાય."


નિકેત તેને જરૂરી માર્ગદર્શન કર્યા કરતો અને સીમા ઉદાસ થઈને બારીમાંથી એકીટશે સીમલાની સૃષ્ટિને તાકી રહેતી. નિકેતને ખબર હતી કે સીમાને કવિતા વાર્તા લખવી ગમે એટલે નિકેતે એક ડાયરી આપી હતી કે તું લખજે."અચાનક, બીજે કે ત્રીજે દિવસે એ બન્ને ફુકરીના વળાંકવાળા રસ્તાના સેલ્ફી પોઈન્ટ ઉપર ઊભા હતા કે નિકેતની પીઠ ઉપર વ્હાલથી ભર્યોભર્યો એક ધબ્બો પડયો : નિકેતે ચમકીને જોયું તો પોતાના બચપણનો ખાસ દોસ્ત આનંદ !

"અરે, આનંદ તું ? અહીયાં ? અરે યાર, કેટલા વર્ષે ?"

"એ બધું છોડ પહેલા મને ભાભીને મળી લેવા દે તારી કંકોત્રી તો મળેલ પણ હું આવી શક્યો નહોતો એ બદલ સોરી, સીમાભાભી..." એમ કહીને શેકહેન્ડ કરવા હાથ લંબાવ્યો. સીમાને તેનું નિખાલસપણું ગમી ગયું. માત્ર નિખાલસપણું જ શું કામ ? તેની હસી પડવાની સ્ટાઇલ, તેની બેફિકરાઇ અને તેનું ખુલ્લુ મન ! બે કલાકમાં તો સીમા, આનંદના વ્યક્તિત્વથી, તેના સહવાસથી ખુશ થઇ ઉઠી. પોતાની મસ્તીમાં રાચતો અને બિન્દાસ પણે જીવતો આનંદ તેના હૈયાને તેની પાસેથી ઝૂંટવી ગયો. વાતવાતમાં 'ભાભી....ભાભી...' કરતા તેનું ગળું સૂકાતું નહોતું અને સીમા ખુશ ખુશ થતી તેનો સંગ ઝંખવા લાગી. એ તો એકલારામ હતો અને તેની બાજુની હોટેલમાં જ ઉતર્યો હતો. નિકેતે તેને પોતાની હોટેલમાં બોલાવી લીધો.

'એલા, નિકેતિયા...' તે દિવસે રાત્રે એણે નિકેતનો ઉધડો જ લઇ લીધો : " એલા, તમારે મેરેજને એક વર્ષ થયું તો ય તું અત્યાર સુધી ભાભીને કયાંય ફરવા લઈ જ ગયો નથી ? અરે એમનું મોઢું તો જો કેવા મૂરઝાયેલા મૂરઝાયેલા લાગતા હતા ?"

"એ જ તો પ્રશ્ન છે આનંદ..." નિકેતે, સીમા સામે જોઇને પછી



લઘુ-નવલકથા
યોગેશ પંડયા

હસતા હસતા કહ્યું : "મને અત્યાર સુધી એ જ ખબર પડી નથી કે એને એમ પણ કહ્યું હતું કે તારે કંઈક લખવું હોય તો સરસ વાતાવરણ છે." "તો તું ત્યાં જ કાચો પડયો. સ્ત્રીને સમજતા આવડવું જોઈએ. એમના મનમાં શું છે ? તેમને શું ગમે છે ! એવું કોઈ દિ' તે પુછયું ? એમને લખવાનો શોખ છે એ સારી વાત છે પણ તેઓ શું કામ લખે છે, એ ય જાણવું તો પડે ને ? કોઈ દર્દ હોય, દુઃખ હોય તોય માણસ લખે." જવાબમાં સીમા હસી પડી : "જવા દોને હવે એમને એવું કશું આવડતું નથી. હરીફરીને મને એમ પૂછે કે તું ઉદાસ કેમ છે ? હવે મારે શું જવાબ દેવો ? એ તો આખો દિવસ ઓફિસે જતા રહે ઘરે આવે તોય લેપટોપમાં ઓફિસ ભેગી લેતા આવે. પછી કહે : અહીં આવ્યા તો છીએ પણ એમને મારી ખુશી કરતા એમની ઓફિસની ચિંતા વધારે છે. કલાકે ને કલાકે એમની પાર્ટનરને ફોન કરતા રહે છે."નિકેત તો સીમાને જોઈ જ રહ્યો. મેરેજ પછી પહેલીવાર સીમા આટલું બોલી જોકે પછી હસી પડીને 'સોરી' ય કહી દીધું પણ... આ સીમલા આવ્યા ને ઓફિસે જબરી ધમાચકડી મચી છે એ અહીં બેઠા બેઠા ઓફિસના પ્રોબ્લેમ સોલ્વ કરતો રહ્યો, ને આનંદ સીમાને સીમલાની ગલીકુચીમાં ફેરવતો રહ્યો. સાંજે બન્ને થાક્યા પાક્યા આવે, પણ સીમા ખરેખર ખુશખુશાલ રહેવા લાગી. એક દિવસે રાત્રે સીમાએ નિકેતના હાથનું ઓશિકું કરી સામેથી પહેલ કરી નજીક આવી. નિકેતને તેના આ પ્રેમાળ વલણથી ખુશી થઈ. નહિંતર તો બન્ને મનથી અને તનથી દૂર જ રહેતા લગભગ. પણ આજે સીમાએ નિકેતની ખુલ્લી છાતી ઉપર હાથ મૂકીને પૂછયું : 'નિકેત, હું તમારા દોસ્ત જોડે ફરવા જાઉ છું એમાં તમને કોઈ પ્રોબ્લેમ ? આ તો તમે કહો છો તો હું જાઉ છું પણ... મને એમનો નેચર ખુબ ગમ્યો અને એ સાવ સાફદિલ ઈન્સાન છે છતાં પણ એક પતિ તરીકે..."

"અરે ગાંડી મને તારી ઉપરેય વિશ્વાસ છે અને તેની ઉપરેય વિશ્વાસ છે. આ તો ખરેખર સારૂં થયું કે એ આપણને મળી ગયો મારે તો ઓફિસની એજ ઉપાધિ છે."

"ત્યાં અનિતા એકલી મુંઝાય છે. અધરવાઇઝ આપણે ફર્યા વગર જ પાછું જવુ પડત પણ, ભગવાને કેવો સરસ મેળ કરી દીધો. એને ભગવાને જ મોકલ્યો હશે કદાચ અને બીજું તો તું ખુશ રહે છે એજ મારી જીવનની મોટી ભેટ !" સીમા નિકેતની આંખોમાં તાકી રહી. વિચારતી હતી કે, બિલકુલ આનંદ જેવો જ એક છોકરો વૈભવ ! તેને તે બેશૂમાર પ્રેમ કરતી હતી પણ પપ્પાને જેવી ખબર પડી કે એ ઝેરનો કટોરો લઈને ઊભા રહી ગયા. અંતે વૈભવને તેણે કહી દીધું : "સોરી, વૈભવ ! મારા પપ્પાની લાઈફને વાસ્તે મારે નિકેત સાથે પરણી જવું પડશે." અને તે નિકેતને પરણી પણ મન વગરનું મળવું. બન્ને વચ્ચે એક અદશ્ય દિવાલ ચણાઈ રહી હતી. નિકેત તેને ખુશ કરવાના ઘણા પ્રયત્ન કરતો પણ મનમંદિરમાં તો વૈભવ બિરાજ્યો હતો. પણ વૈભવના વ્યક્તિત્વથી ય સવાયું વ્યક્તિત્વ ધરાવતો આનંદ આટલા દિવસોથી તેના દિલને ભીંજવી રહ્યો હતો. એક દિવસ સીમલાના વાંકાચૂંકા રસ્તા ઉપર આવેલા સેલ્ફી પોઈન્ટમાં સેલ્ફી લેતા એ લથડી પણ આનંદે એને પકડી લીધી. બન્નેના ગરમ ગરમ શ્વાસ પરસ્પરને અથડાયા, સીમાએ કહ્યું : "નીચે પટકાઈને મારી જવા દીધી હોત તો ?" જવાબમાં આનંદે કહ્યું : " કોઈકનો તો વિચાર કરો... પછી મારા જેવાની શું સ્થિતિ થાય એ ખબર છે ?" સીમા આનંદની આંખોમાં તાકી રહી. આનંદે તેનો હાથ હાથમાં લઈને કહ્યું : "આઈ લવ યુ સીમા." જવાબમાં સીમાએ હળવેકથી હાથ પાછો ખેંચી લીધો. આજે છેલ્લી રાત હતી. નિકેત તેના બોસ જોડે કોઈ વાત કરતો લોબીમાં જતો રહ્યો. સીમાએ મોબાઈલ બહાર કાઢયો આખો દિવસના મનોમંથન પછી તેણે આનંદના વોટસએપ ઉપર મેસેજ છોડયો : "આઈ લવ યુ ટુ... આનંદ." પણ તેને થયું કે હું શું આ યોગ્ય કરૂં છું ? વિચારોના વમળ પાછળ કેટલીયે ક્ષણો પસાર થઈ ગઈ કે બહારથી ફોન પતાવીને નિકેત અંદર આવ્યો હસીને પૂછયું : 'સીમલા વિષે કંઈક લખે છે કે શું ?' જવાબમાં સીમાએ કહ્યું : " હા, નિકેત... એક વાર્તા લખતી હતી પણ મને એનો એન્ડ ન ગમ્યો એટલે વાર્તાનો એન્ડ સુધારૂં છું.' એમ કહેતા પેલો મેરેજ ડિલીટ કરી નાખ્યો અને પછી નિકેતને વીંટળાઈને સૂઈ ગઈ. વહેલી સવારે જાગીને આનંદ નિકેત સીમાની રૂમે આવ્યો એ પહેલા બે પડછાયા સીમલા છોડી રહ્યા હતા !!! ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

**મતદાન કર્મચારીઓ સવારે ૭ થી સાંજના ૪ વાગ્યા સુધી પ્રદેશના ૭૩૮ મતદાન મથકો પર હાજર હતા**

# નાગાલેન્ડમાં ૬ જિલ્લાના ૪ લાખ મતદારો મતદાનથી અળગા રહ્યા

(એ.આર.એલ),કોહિમા,તા.૨૦



લોકસભા ચૂંટણીને લઈ પ્રથમ તબક્કાનું મતદાન ગઈકાલે પૂર્ણ થયું. જોકે આ પ્રથમ તબક્કાના મતદાનમાં એક ચોંકાવનારી વાત સામે આવી છે. વાત જાણે એમ છે કે, લોકસભા ચૂંટણી માટે નાગાલેન્ડના છ પૂર્વ જિલ્લાઓમાં બૂથ પર મતદાન કર્મચારીઓએ નવ કલાક રાહ જોઈ પરંતુ આ વિસ્તારના ૪ લાખ મતદારોમાંથી એક પણ મત આપવા આવ્યા ન હતા. ફ્રન્ટિયર નાગાલેન્ડ ટેરિટરીની માંગ માટે દબાણ બનાવવા માટે બંધનું એલાન કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન નેફિયુ રિયોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારને પૂર્વીય નાગાલેન્ડ પીપલ્સ ઓર્ગેનાઈઝેશનની એફએનટી માટેની માંગ સાથે કોઈ સમસ્યા નથી કારણ કે તેણે પહેલેથી જ આ પ્રદેશ માટે સ્વાયત્ત સત્તાઓની ભલામણ કરી છે. ઈએનપીઓએ પૂર્વ વિસ્તારની સાત આદિવાસી સંસ્થાઓની સર્વોચ્ચ સંસ્થા છે. ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું કે, જિલ્લા વહીવટીતંત્ર અને અન્ય ઈમરજન્સી સેવાઓ સિવાય પૂર્વી નાગાલેન્ડના રસ્તાઓ પર લોકો કે વાહનોની અવરજવર નથી.

# ઓડિશાના રાયગઢ જિલ્લામાં આવેલ મહાનદીમાં બોટ દુર્ઘટના સર્જાતા ૮ના મોત

(એ.આર.એલ),ભુવનેશ્વર,તા.૨૦



**નાણામંત્રી અને રાયગઢના ધારાસભ્ય ઓપી ચૌધરીએ જણાવ્યું કે રાયગઢમાં આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે**

રાયગઢ જિલ્લામાં મહાનદીમાં બોટ ડૂબી જવાથી અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં ૭ મૃતદેહ મળ્યા છે. જ્યારે હજુ સુધી એક મૃતદેહ મળ્યો નથી. મહાનદીમાં સવારે ૬ વાગ્યાથી બચાવ અને સર્ચ ઓપરેશન ચાલુ કરાયું છે. તરવૈયાઓની સાથે ભુવનેશ્વરના સ્કુબા ડાઈવર્સની ટીમ મૃતદેહની શોધ કરી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ તમામ અંજોરીપલી ખરસિયા ગામના રહેવાસી છે. ઓડિશાના ઓડીઆરએફ અને ફાયર ઈમરજન્સીના સ્કુબા ડાઈવર્સ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન અત્યાર સુધીમાં ૭ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે એક બોટમાં આશરે ૫૦ જેટલા લોકો રાયગઢ જિલ્લાની સરહદે ઓડિશાના પંચગાંવ સ્થિત પથરસેની મંદિરમાં દર્શન કરવા ગયા હતા. આ દરમિયાન, આ બધા એક બોટમાં મુસાફરી કરી રહ્યા હતા અને અચાનક હોડી પલટી જતા આ સમગ્ર ઘટના બની હતી.

આ ઘટનામાં ડૂબી જવાથી મૃત્યુ પામેલાઓમાં રાધિકા રાઠીયા, કેસરબાઈ રાઠીયા, લક્ષ્મી રાઠીયા, બાળક કુણાલ રાઠીયા અને એક બાળક નવીન રાઠીયાના મૃતદેહ મળી આવ્યા છે. આ ઘટનામાં ૮ લોકોમાંથી ૭ લોકોના મૃતદેહ મળી આવ્યા છે.

# ઈવીએમ અને જનતાના મત ૧૦૦ટકા સુરક્ષિત છે : મુખ્ય ચૂંટણી કમિશનર

નવીદિલ્હી,તા.૨૦



લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે ૧૯ એપ્રિલે, દેશના ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૧૦૨ લોકસભા બેઠકો પર મતદાન પૂર્ણ થયું હતું. આ ચૂંટણી દરમિયાન ઘણી પાર્ટીઓએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન એટલે કે ઈવીએમને લઈને સવાલો ઉઠાવ્યા છે. જો કે, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે શુક્રવારે EVM સંબંધિત તમામ આશંકાઓને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું છે કે ઈવીએમ ૧૦૦ ટકા સુરક્ષિત છે અને મતદારોના મત પણ સુરક્ષિત છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ઈવીએમ સંબંધિત તમામ આશંકાઓને ફગાવી દીધી અને લોકોને ખાતરી આપી કે તેમનો મત સુરક્ષિત છે. તેમણે કહ્યું કે ઈવીએમ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે કારણ કે તેમાં મોટી સંખ્યામાં ટેકનિકલ અને વહીવટી સુરક્ષા ધોરણો અપનાવવામાં આવ્યા છે.

# વડાપ્રધાન મોદી ચલાવી રહ્યા છે ભ્રષ્ટાચારની શાળા, રાહુલ ગાંધીના તીખા પ્રહાર

નવીદિલ્હી,તા.૨૦



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ શનિવારે આરોપ લગાવ્યો કે 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં ભ્રષ્ટાચારની શાળા ચલાવી રહ્યા છે, જેમાં તેઓ પોતે ભ્રષ્ટાચારના વિજ્ઞાન વિષય હેઠળ દાનના વ્યવસાય સહિત દરેક પ્રકરણને વિગતવાર શીખવી રહ્યા છે.' રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપ કેન્દ્રીય એજન્સીઓના દરોડામાંથી દાન એકત્ર કરી રહી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે, દરોડા પાડીને દાન કેવી રીતે એકત્રિત કરવું? ડોનેશન લઈને કોન્ટ્રાક્ટની વહેંચણી કેવી રીતે કરવી? ભ્રષ્ટાચારીઓને ધોઈ નાખતું વોશિંગ મશીન કેવી રીતે કામ કરે છે? તપાસ એજન્સીઓને રિકવરી એજન્ટ બનાવીને જામીન અને જેલની રમત કેવી રીતે રમાય છે? રાહુલ ગાંધીએ લખ્યું કે 'ભ્રષ્ટાચારીઓનો અડ્ડો બની ગયેલી ભાજપે પોતાના નેતાઓ માટે આ 'ક્રેશ કોર્સ' ફરજિયાત બનાવી દીધો છે, જેની કિંમત દેશ ચૂકવી રહ્યો છે.' રાહુલ ગાંધીના કહેવા પ્રમાણે, ઈન્ડિયા ગઠબંધન સરકાર ભ્રષ્ટાચારની આ શાખાને તાળા મારી દેશે અને આ અભ્યાસક્રમને હંમેશ માટે બંધ કરી દેશે.' રાહુલ ગાંધી શનિવારે બિહારના પ્રવાસે છે અને ભાગલપુરમાં રેલીને સંબોધશે.

# ભારત પોતાની ફોજદારી ન્યાય પ્રણાલીમાં બદલાવ કરવા માટે તૈયાર છે : મુખ્ય ન્યાયમૂર્તિ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦



દેશના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચૂડે કેન્દ્રની મોદી સરકાર દ્વારા ભારતીય ન્યાય સંહિતા, દંડ પ્રક્રિયા સંહિતા અને સાક્ષ્ય અધિનિયમમાં ફેરફાર કરી લવાયેલા ત્રણ નવા કાયદાના વખાણ કર્યા છે. તેમણે કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં કહ્યું કે, ત્રણેય નવા કાયદાઓ સમાજ માટે ખૂબ જ જરૂરી છે અને ભારત પોતાની ફોજદારી ન્યાય પ્રણાલીમાં બદલાવ કરવા માટે તૈયાર છે. સીજેઆઈ ચંદ્રચૂડે કહ્યું કે, 'નવા કાયદાઓથી ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીના માળખામાં નવા યુગની શરૂઆત થઈ છે. જો આપણે નવા કાયદાઓને નાગરિક તરીકે સ્વિકારીશું તો તે જરૂર સફળ થશે. પીડિતોને સુરક્ષા આપવા, ગુનાઓની તપાસ અને કાર્યવાહીને સરળતાથી ચલાવવા આ ત્રણ કાયદાઓમાં ખુબ જ જરૂરી સુધારા રજૂ કરવામાં આવ્યા છે.

**પતંજલી ટ્રસ્ટની અપીલને ફગાવી દેતા કહ્યું હતું કે ન્યાયાધીકરણનાં આદેશની સમીક્ષા કરવાનું કોઈ કારણ નથી**

# પતંજલિ યોગપીઠ ટ્રસ્ટને ઝટકો આપતી સુપ્રીમ કોર્ટ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦



યોગગુરૂ, બાબા રામદેવની મુશ્કેલીનો અંત નથી આવતો હવે બાબા રામદેવનાં પતંજલી યોગપીઠ ટ્રસ્ટને શુક્રવારે સુપ્રીમ કોર્ટે ઝટકો આપ્યો છે. અદાલતે અપીલીય ન્યાયાધીકારણનાં એ નિર્ણયને યથાવત રાખ્યો. જેમાં ટ્રસ્ટને યોગ શિબીરનાં આયોજન માટે એન્ટ્રી ફી લેવા પર સેવા કર ચુકવવાનું કહેવામાં આવ્યુ હતું. ન્યાયમૂર્તિ આમય એસ.ઓઝા અને ન્યાયમૂર્તિ ઉજજવલ ભુઈયાની પીઠે સીમા શુલ્ક, ઉત્પાદન શુલ્ક અને સેવા કર અપીલીય ન્યાયાધિકરણ (સીઈએસટીએટી) ની અલાહાબાદ પીઠના ૫ ઓકટોબર ૨૦૨૩ ના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. પીઠે પતંજલી ટ્રસ્ટની અપીલને ફગાવી દેતા કહ્યું હતું કે ન્યાયાધીકરણનાં આદેશની સમીક્ષા કરવાનું કોઈ કારણ નથી.ખરેખર તો સીઈએસટીએટીએ પોતાના આદેશમાં કહ્યું હતું કે પતંજલી યોગપીઠ ટ્રસ્ટ યોગ શિબિરોમાં સામેલ થવા માટે ચાર્જ વસુલવામાં આવે છે. સીમા શુલ્ક અને કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક, મેરઠ રેન્જના કમિશનરે ઓકટોબર ૨૦૦૬ થી માર્ચ ૨૦૧૧ માટે દંડ અને વ્યાજ સહીત લગભગ ૪.૫ કરોડ રૂપિયાના સેવા કરની પતંજલી યોગપીઠ ટ્રસ્ટ પાસેથી માંગ કરી હતી.

# દિલ્હીમાં પારો ૪૦ ડિગ્રીની નજીક, યુપી-બિહાર અને દક્ષિણ ભારતમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીને પાર

**પશ્ચિમ બંગાળમાં મહત્તમ તાપમાન ૪૨-૪૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે છે.**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦



દેશમાં આકરી ગરમી પડી રહી છે. દિલ્હીમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની નજીક પહોંચી ગયો છે ત્યારે યુપી-બિહાર અને દક્ષિણ ભારતમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીને પાર કરી ગયું છે. વિદર્ભ, મરાઠવાડા, રાયલસીમાના ઘણા ભાગો, મધ્ય મહારાષ્ટ્રના ભાગો, તેલંગાણા, છત્તીસગઢ, ઓડિશા, ઉત્તર મધ્ય પ્રદેશ અને ગંગાના પશ્ચિમ બંગાળમાં મહત્તમ તાપમાન ૪૨-૪૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગંગાના પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, પૂર્વ યુપી, છત્તીસગઢ, ઓડિશા, તેલંગાણા, રાયલસીમા, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલ, ઉત્તરાખંડ, વિદર્ભના અલગ ભાગોમાં તાપમાન સામાન્ય હતું. ૨-૪ ડિગ્રી સેલ્સિયસ ઉપર.

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં આંધ્રપ્રદેશના નંધ્યાલમાં ૪૪.૩, તિરુપતિમાં ૪૩.૨, ઓડિશાના બારીપાડામાં ૪૪.૨, બૌધમાં ૪૪.૩, પશ્ચિમ બંગાળના આસનસોલમાં ૪૪, ઝારખંડના જમશેદપુરમાં ૪૩.૨, ઉત્તરમાં ૪૩.૨ રાજ્યમાં મહત્તમ તાપમાન ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસ અને વિદર્ભના અકોલામાં ૪૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે પણ અહીં આવું જ વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે.

# અમેરિકામાં રહેતા ૬ ટકા ભારતીય અમેરિકનો ગરીબી રેખા નીચે : પ્યુ રિસર્ચ સેન્ટર સંસ્થા

**અમેરિકામાં ૪૨ લાખ ભારતીયો રહે છે જેમાંથી ગુજરાતીઓની સંખ્યા સાડા આઠ લાખ જેટલી છે**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦



અમેરિકામાં રહેતા ૬ ટકા ભારતીય અમેરિકનો ગરીબી રેખા નીચે જીવે છે. આ વાત ભારતીયોને ગળે ઉતરે એવી નથી પરંતુ હમણાં જ અમેરિકાની પ્યુ રિસર્ચ સેન્ટર નામની સંસ્થાએ જાહેર કરેલા ૨૦૨૩ના આંકડા મુજબ અમેરિકામાં જીવતા ભારતીય ગરીબોની ટકાવારી જાહેર કરવામાં આવી હતી. એમાંથી ૧૪ ટકા તો એવા છે જે પોતાનો મેડિકલ ખર્ચ પણ કરી શકતા નથી. એશિયામાંથી બર્મી અમેરિકનની સ્થિતિ ૧૯ ટકા સાથે સૌથી કફોડી છે. જ્યારે ૧૩ ટકા પાકિસ્તાની અમેરિકન ગરીબીની રેખા નીચે જીવે છે. જ્યારે સૌથી ઓછા ક્રમે ભારતીય અને શ્રીલંકન અમેરિકન છે જેનું પ્રમાણ ૬ ટકા છે. મળતી માહિતી પ્રમાણે અમેરિકામાં ૪૨ લાખ ભારતીયો રહે છે જેમાંથી ગુજરાતીઓની સંખ્યા સાડા આઠ લાખ જેટલી છે.

# ગોંડલથી ટ્રાઈસિકલ ચલાવી અયોધ્યા પહોંચ્યા દિવ્યાંગ આધેડ

રાજકોટ,તા.૨૦




જાન્યુઆરી માસમાં જ્યારે સમગ્ર દેશના લોકો અયોધ્યા રામ મંદિર નવનિર્માણના વધામણાં અને તેની ખુશીમાં ઝુમી રહ્યા હતા ત્યારે ગોંડલના વિકલાંગ આધેડ હરેશભાઈ મોરારજીભાઈ પંડ્યા ઉ.૫૧ એ એક સંકલ્પ કર્યો કે મારે સાયકલ લઈને અયોધ્યા જવું છે અને ભગવાન રામના દર્શન કરવા છે અને ત્યારે આજથી બે મહિના પૂર્વે ગોંડલથી ટ્રાઈસિકલ લઈ અયોધ્યા માટે હરેશભાઈ નીકળી પડ્યા હતા દરરોજના તેઓ ૫૦ થી ૬૦ કિ.મી જેવું હાથેથી પેન્ડલ મારી સાયકલ પર અંતર કાપી અયોધ્યા પહોંચ્યા હતા.

# હૈદરાબાદે દિલ્હીને જીતવા માટે ૨૬૭ રનનો લક્ષ્યાંક આપ્યો

દિલ્હી, તા.૨૦



ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૩૫મી મેચ દિલ્હી કેપિટલ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાઈ રહી છે. જેમાં દિલ્હીએ ટૉસ જીતીને પહેલા બોલિંગ લીધી છે. હૈદરાબાદ તરફથી શાહબાઝ અહેમદે ૫૯, અબ્દુલ સમદે ૧૩ ટ્રેવિસ હેડ ૩૨ બોલમાં ૮૯ રન, હેનરિક ક્લાસેન ૧૫ રન, નીતિશ રેડ્ડી ૩૭ રન અને અભિષેક શર્મા ૪૬ રન બનાવીને આઉટ થયો હતો. આમ નિર્ધારિત ૨૦ ઓવરમાં હૈદરાબાદે ૭ વિકેટના નુકસાન પર ૨૬૬ રન બનાવતા દિલ્હીને ૨૬૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. કુલદીપ યાદવે ૪ અક્ષર પટેલે ૧ અને મુકેશ કુમારે ૧ વિકેટ ઝડપી હતી.

# કોડીનારના વેલણ ગામે ગરબા સંગે મહિલા મતદાન જાગૃતિનો પ્રયાસ

કોડીનાર,તા.૨૦



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર વિધાનસભા મતવિસ્તારના વેલણ ગામે મહિલાઓમાં મતદાન જાગૃતિ લાવવા માટે અવસર રથ દ્વારા ગરબાના માધ્યમથી પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગરબા એ ગુજરાતનો લોકપ્રિય તહેવાર અને મહિલાઓનો પસંદગીનો અવસર છે. ત્યારે ગરબાના માધ્યમથી મહિલાઓમાં મતદાન અંગેની જાગૃતિ આવે તે માટે મતદાન અંગેના ગરબા દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ રથ દ્વારા લોકશાહીના પર્વમાં મતદાનનું મહત્વ તથા મહિલાઓની ભાગીદારી વધે તે માટેની રજૂઆત કરવામાં આવી હતી. વેલણ ગામની મહિલાઓ આ અવસરે ઉમંગ-ઉત્સાહથી સહભાગી થઈ હતી. તેમજ વેલણ ગામની બહેનોએ મતદાન અંગે શપથ લીધા હતાં. આ કાર્યક્રમમાં મામલતદાર કોડિનાર એન.જી.રાદડિયા તથા નાયબ મામલતદાર ભરત ગોહિલ તથા તાલુકા વિકાસ અધિકારી બી.જી.બગથરિયા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા ઝોનલ ઓફિસર તેમજ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ધોરાજીમાં પાણી પ્રશ્ને મહિલાઓએ આક્રોશ સાથે સૂત્રોચ્ચાર કર્યો

ધોરાજી, તા. ૨૦



ધોરાજીના જમનાવડ રોડ પર અનિયમિત પાણી મળવાને કારણે મહિલાઓએ રોષભેર નગરપાલિકા વિરુદ્ધ નારેબાજી પોકારી હતી અને આગામી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવા માટે પણ ચીમકી ઉચ્ચારી હતી. ધોરાજીના જમનાવડ રોડ પર છેલ્લા કેટલાક સમયથી અનિયમિત પાણી વિતરણ થતું હોવાના કારણે આ વિસ્તારના રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જમનાવડ રોડ પર મારુતિ નગર અને આસપાસની સોસાયટીમાં અનિયમિત પાણી આવતું રહેતું હોવાથી મહિલાઓ ઉગ્ર રોષ સાથે સોસાયટીમાં એકત્રિત થઈ પોતાનો રોષ અને પોતાની વ્યથા મીડિયાકર્મીઓ સામે ઠાલવી હતી. એકત્રિત થયેલ મહિલાઓએ જણાવ્યું હતું કે અમે અનેક વખત ધોરાજી નગરપાલિકામાં રજૂઆત કરી છે અને જે જગ્યા પરથી પાણી સપ્લાય થાય છે ત્યાં પણ અમે રૂબરૂ જઈ પાણી નિયમિત કરવા બાબતે રજૂઆતો કરી ચૂક્યા છીએ પરંતુ અમારી રજૂઆત પર નગરપાલિકા કોઈપણ પ્રકારનું ધ્યાન આપતી નથી આથી હવે આગામી લોકસભાની ચૂંટણી આવી રહી છે ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરાશે તેવી સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી હતી.

# અમિત શાહ પાસે ૨૦ કરોડની જંગમ સંપત્તિ

(એ.આર.એલ), અમદાવાદ,તા.૨૦



કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતાએ ઉમેદવારી નોંધાવી હતી. ત્યારથી તેમનું સોગંદનામું સમાચારોમાં છે. ઉમેદવારી નોંધાવતી વખતે અમિત શાહે કહ્યું હતું કે તેમની પાસે પોતાની કાર નથી અને તેઓ વ્યવસાય તરીકે ખેતી કરે છે અને એક સામાજિક કાર્યકર પણ છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ઉમેદવારી નોંધાવી હતી. તેમણે ભાજપની પરંપરાગત બેઠક ગાંધીનગરથી ઉમેદવારી નોંધાવી છે. ગાંધીનગર બેઠક માટે ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતાએ ઉમેદવારી નોંધાવી હતી, ત્યારથી તેમનું સોગંદનામું સમાચારોમાં છે. વાસ્તવમાં, ઉમેદવારી નોંધાવતી વખતે અમિત શાહે કહ્યું હતું કે તેમની પાસે પોતાની કાર નથી અને તેઓ વ્યવસાય તરીકે ખેતી કરે છે અને એક સામાજિક કાર્યકર પણ છે. તેમની આવકના સ્ત્રોતોમાં સાંસદનો પગાર, મકાન-જમીન ભાડાની આવક, ખેતીની આવક અને શેર ડિવિડન્ડની આવકનો સમાવેશ થાય છે. આ સાથે તેણે એ પણ નોંધ્યું છે કે તેની સામે ૩ ગુનાહિત કેસ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પાસે ૨૦ કરોડની જંગમ સંપત્તિ જ્યારે ૧૬ કરોડની સ્થાવર સંપત્તિ છે અમિત શાહ પાસે હજુ પણ ૧૫.૭૭ લાખની લોન છે, તેમની પાસે માત્ર ૨૪,૧૬૪ રોકડ છે. અમિત શાહ પાસે ૭૨ લાખની જ્વેલરી છે, જેમાંથી તેમણે માત્ર ૮.૭૬ લાખની ખરીદી કરી છે. તેમની પત્ની પાસે ૧.૧૦ કરોડની જ્વેલરી છે, જેમાં ૧૬૨૦ ગ્રામ સોનું અને ૬૩ કેરેટ હીરાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં અમિત શાહની વાર્ષિક આવક ૭૫.૦૯ લાખ છે તેમની પત્નીની વાર્ષિક આવક ૩૯.૫૪ લાખ છે. અમિત શાહે પોતાનો વ્યવસાય ખેતી અને સામાજિક કાર્યકર તરીકે જાહેર કર્યો છે તેમની સામે ૩ ગુનાહિત કેસ નોંધાયેલા છે. તેમની આવકના સ્ત્રોતોમાં સાંસદનો પગાર, મકાન-જમીન ભાડાની આવક, ખેતીની આવક અને શેર ડિવિડન્ડની આવકનો સમાવેશ થાય છે. તેમની પત્નીની જંગમ સંપત્તિ ૨૨.૪૬ કરોડની છે, સ્થાવર સંપત્તિ ૯ કરોડની છે, તેમની પાસે ૨૬.૩૨ લાખની લોન પણ છે.

નોમિનેશન પછી અમિત શાહે કહ્યું, 'હું એક નાના બૂથ કાર્યકર તરીકે સંસદમાં પહોંચ્યો છું. સીએમ અને પીએમ તરીકે મોદીના નેતૃત્વમાં બીજેપી સરકારે ઘણું કામ કર્યું. ૩૦ વર્ષથી ધારાસભ્ય અને સાંસદ તરીકે આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું છે. જનતા માટે ઘણું કામ કર્યું. ૫ વર્ષમાં ૨૨ હજાર કરોડથી વધુના વિકાસ કામો થયા છે. લોકસભામાં ૨૨ હજાર કરોડ રૂપિયાથી વધુનું કામ થયું. જનતાએ હંમેશા મને પ્રેમ કર્યો છે અને મને ભારે બહુમતીથી જીતાડ્યો છે.

૩ ટેકેદારે પોતાની સાઇન ન હોવાની એફિડેવિટ કરાવતા

# સુરતના કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થશે ?

સુરત,તા.૨૦

ગઈકાલે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો. જેના બાદ આજે ફોર્મ ચેકિંગ કામગીરી કરવામા આવી રહી છે. ત્યારે આ પહેલા કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. સુરતમાં લોકસભા કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવાનો ખતરો નિલેશ કુંભાણીના ફોર્મ સાથે જોડાયેલા ૩ ટેકેદારે પોતાની સાઈન ન હોવાની એફિડેવિટ કરતા ભાજપે વાંધો ઉઠાવ્યો, કલેક્ટરે ૪ વાગ્યાનો સમય આપ્યો હતો. જેનો નિર્ણય આજે સવારે લેવાશે. ત્યારે આ અંગે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ પ્રેસ કોન્ફરન્સ કરશે. સુરત લોકસભા કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મને લઈ વાંધો નોંધાવાયો હતો. ભાજપ ઉમેદવાર મુકેશ દલાલના ચૂંટણી એજન્ટ દિનેશભાઈ જોધાણી દ્વારા વાંધો ઉઠાવાયો હતો. કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીના ટેકેદારની સહી યોગ્ય નહિ હોવાનો વાંધો ઉઠાવવામાં આવ્યો છે. આ અંગે સુરત ચૂંટણી કમિશનરને ફરિયાદ



કરવામાં આવી છે. હાલ ચૂંટણી કમિશનર કચેરી ખાતે ફોર્મ ચકાસણી શરૂ કરાઈ છે. ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીના લિગલ સેલના વકીલો ફોર્મ ચકાસણીમાં ઉપસ્થિત છે. ત્યારે હવે કાલે રિટર્નિગં ઓફિસર દ્વારા તમામ ફોર્મ પર ફાઈનલ નિર્ણય થશે.

સુરતથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મનો વાંધો ભાજપ દ્વારા ઉઠાવાયો હતો. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલના ચૂંટણી એજન્ટ દિનેશ જોધાણીએ વાંધો ઉઠાવ્યો હતો. નિલેશ કુંભાણીના ટેકેદારો યોગ્ય ન હોવાનો દાવો કરાયો હતો. જે અંગે સુરત ચૂંટણી કમિશનરને ફરિયાદ કરવામાં આવી હતી. હાલ ચૂંટણી કમિશનર કચેરી ખાતે ફોર્મ ચકાસણી ચાલુ હતી. ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીના લિગલ સેલના વકીલો ફોર્મ ચકાસણીમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કિનારે બફારો

અમદાવાદ તા.૨૦

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કાળઝાળ ગરમીથી રાહત મળી શકે છે. પવનની દિશા બદલાતા ગરમીથી રાહત મળી શકે છે. આગામી સાત દિવસ વાતાવરણ સૂકું રહેશે. હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કિનારાના વિસ્તારોમાં બફારાનો અનુભવ થઈ શકે છે. અમદાવાદ સહિત મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલી, બોટાદ, નર્મદા,તાપી, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૯ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. આણંદ, ભરુચ, ભાવનગર, છોટાઉદેપુર, જુનાગઢ, ખેડા, મહીસાગર, પંચમહાલ, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે.

# અમરેલી સહિત રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત : તાપમાન ૪૩ ડિગ્રી પાર

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૦

સમગ્ર ગુજરાતમાં ગરમી પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કરતી હોય તેવું જણાઈ રહ્યું છે. ત્યારે ગુજરાતના ૩ શહેરોમાં તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રીને પાર પહોચ્યું છે. દેશમાં હવામાન વિભાગે આગાહી કરી છે કે દેશના ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, છત્તીસગઢ, ઝારખંડ સહિત ૧૧ રાજ્યોમાં આગામી



૩થી ૪ દિવસ સુધી હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. હવાની દિશા બદલાતા સીધી અસર તાપમાન પર પણ પડી છે. ગુજરાત ગરમીનો પ્રકોપ યથાવત છે. છેલ્લા ૨૪ કલાકમાં અમરેલી અને સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨ ડિગ્રી, કંડલા, ભાવનગર, રાજકોટમાં ૪૧ ડિગ્રી તાપમાન,કેશોદ ,વલ્લભ વિદ્યાનગર, વડોદરામાં ૪૧ ડિગ્રી, મહુવા, ગાંધીનગર, ડીસામાં ૪૦ ડિગ્રી,અમદાવાદમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજવાળા પવનો અને ગરમીના કારણે અકળામણ અનુભવાશે.

# ઓલપાડના વાવડીમાં ૧૪ વર્ષીય કિશોર ક્રિકેટ રમતા ઢળી પડતા મોત

(એ.આર.એલ),સુરત,તા.૨૦

ગુજરાતમાં દિવસેને દિવસે હાર્ટ એટેકની ઘટના વધતી જાય છે,ત્યારે રાજકોટના વાવડીમાં શેરીમાં ક્રિકેટ રમતા ૧૪ વર્ષીય કિશોર અચનાક ઢલી પડયો હતો અને ઘટના સ્થળે તેનું મોત નિપજયું હતુ,પરિવારમાં શોકની લાગણી છવાઈ છે,હાલ તો શેના કારણે મોત થયું છે તેની પ્રાથમિક માહિતી સામે આવી નથી પણ પીએમ રીપોર્ટ બાદ જ મૃત્યુનુ કારણ સામે આવશે.

સુરતમાં ઓલપાડના નરથાણા ગામથી એક ઘટના સામે આવી છે. જ્યાં ક્રિકેટ રમતી વખતે એક યુવાનનું મોત થયું છે. નિમેષ આહિર નામના યુવકનું ક્રિકેટ રમતી વખતે એકાએક મોત થયું છે. યુવકે મેચમાં ૧૪ બોલમાં ૪૬ રન કર્યા હતા. મોત થયાનું સાચું કારણ જાણવા મળ્યું



નથી. અત્રે ઉલ્લખેનીય છે અગાઉ પણ સુરતથી ક્રિકેટ રમતા રમતા યુવકની મોત થયા ઘટના સામે આવી હતી જેમાં હોર્ટ એટેકથી મોત થયાની વિગતો સામે આવી હતી.

રાજકોટમાં આજે વધુ એક વ્યક્તિને ક્રિકેટ રમતા સમયે અચાનક હાર્ટએટેક આવતા તે ગ્રાઉન્ડ પર જ ઢળી પડ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જો કે તેને સારવાર મળે તે પહેલા જ ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો.

# સીએની પરીક્ષા હવે એક વર્ષમાં ત્રણ વખત લેવાશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૦

સીએની પરીક્ષાને લઈને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સીએની પરીક્ષા હવે ૧ વર્ષમાં ૩ વખત લેવામાં આવશે. કેન્દ્રીય નાણાંમંત્રી સાથે જીસીસીઆઇ સંવાદમાં આઈસીએઆઈ ચેરમેન અનિકેત તલાટીએ માહિતી આપતા જણાવ્યું કે પરીક્ષાર્થીઓની સંખ્યા વધતા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો. નાણાંમંત્રી નિર્મલા સીતારમણ આજે ગુજરાત મુલાકાતે છે. દરમ્યાન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના વેપારીઓ અને આઈસીએઆઈના ચાર્ટડ એકાઉન્ટસ સાથે ચર્ચા કરી હતી.

નોંધનીય છે કે સીએ ફાઉન્ડેશન અને ઈન્ટરમિડિયેટની પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવતી હોય છે. મે મહિનામાં



અને નવેમ્બર મહિનામાં સીએની પરીક્ષા લેવાય છે. હવે બે વખત લેવાતી આ પરીક્ષા વર્ષમાં ત્રણ વખત લેવામાં આવશે. જીસીસીઆઈના એક કાર્યક્રમમાં આઈસીએઆઈ (ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓપ ઈન્ડિયા)ના ચેરમેન અનિકેત તલાટીએ આ માહિતી આપી. આ કાર્યક્રમમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે પણ હાજરી આપી હતી. નિર્મલા સીતારમણના CAના નવા કોર્ષને મંજૂરી આપવા પર ચેરમેન અનિકેત તલાટીએ આભાર માન્યો.

# ભક્તોને અમરનાથ યાત્રા જવા માટે ૧૬ ટેસ્ટમાંથી પસાર થવુ પડશે

અમદાવાદ તા.૨૦

બાબા બર્ફાનીની હિંદુ ધર્મમાં પ્રસિદ્ધ યાત્રા ગણાય છે. અમરનાથ યાત્રા પર જવા માટે રજિસ્ટ્રેશનની શરૂઆત થઈ ચુકી છે. દર વર્ષે ગુજરાત સહિત દેશભરમાંથી અને વિદેશથી પણ યાત્રીઓ બાબા બર્ફાનીના દર્શનાર્થે અમરનાથ જતા હોય છે. અત્યાર સુધીમાં અનેક એવા કિસ્સા સામે આવ્યા છે.



જ્યાં અમરનાથ યાત્રાએ જતા યાત્રાળુઓને શારીરિક તકલીફ સર્જાતા તેમની તબિયત લથડી જાય છે અથવા તો મોત પણ નીપજે છે. કારણ કે અમરનાથ એક એવું સ્થળ છે કે જ્યાં ઠંડીનું પ્રમાણ ખૂબ વધુ હોય છે, તેથી ઓક્સિજન ઘટી જવાને કારણે કેટલાક યાત્રાળુઓનું હૃદય બંધ પડી જતું હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે. અમરનાથ યાત્રા પર જતા પહેલા સરકાર દ્વારા કેટલાક માપદંડ નિશ્ચિત કરવામાં આવ્યા છે. જે પૂર્ણ થયા બાદ જ અમરનાથ યાત્રા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

# જેનીબેન ઠુમ્મરના સોગંદનામા અંગે ભાજપે વાંધો ઉઠાવ્યો

અમરેલી, તા.૨૦

લોકસભા ચૂંટણીઓમાં ઉમેદવારી નોંધાવવાની ગઈકાલે છેલ્લી તારીખ હતી. ગઈકાલે તમામ બેઠક પર ફોર્મ ભરાઈ ગયા બાદ આજે ચકાસણી કરાઈ રહી છે. જેમાં અમરેલી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના ફોર્મમાં વિસંગતતા હોવાને લઈ ભાજપે વાંધો ઉઠાવ્યો છે. ત્યારે હવે આ મામલે ફાઈનલ દલીલ માટે આવતીકાલે સવારે ૧૦ વાગ્યાની મુદ્દત આપવામાં આવી છે. અમરેલી લોકસભા ચૂંટણીને



લઈ આજે ઉમેદવારી પત્ર ચકાસણી કરવા માટેનો છેલ્લો દિવસ હોવાને કારણે ફોર્મ ચકાસણી પ્રક્રિયા જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવી હતી. જેમાં ભાજપ કોંગ્રેસ ઉમેદવારોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી બેઠક ઉપર ૧૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના સોંગદનામામાં દર્શાવેલી મિલકત અંગે સ્પષ્ટતા નહીં હોવાનો ભાજપ નેતા રવુ ખુમાણે વાંધો ઉઠાવ્યો છે. જેને લઈને અમરેલી જિલ્લાનું રાજકારણ ગરમાયું છે.











